દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ





આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૯

## આરાધકને દુઃખ નથી

અરે જીવ! અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં ઘોરમાં ઘોર દુઃખોથી તું સોંસરવટ નીકળી ગયો–પણ વિરાધકભાવે.

એકવાર જો આરાધકભાવે બધા દુઃખોથી સોંસરવટ નીકળી જા, તો ફરીને આ સંસારનું કોઈ દુઃખ તને ન આવે.

જે આરાધક છે, પોતાના આરાધકભાવમાં જે ભંગ નથી પડવા દેતો, તેને માટે જગતમાં કાંઈ પ્રતિકૂળ છે જ નહિ. પોતાના આરાધકભાવમાં જેને શિથિલતા છે તે જ બીજી અનેક ડખલગીરી ઊભી કરે છે. હે જીવ! તું તારી આરાધનામાં તત્પર રહે...તને કોઈ વિઘ્ન છે જ નહીં.

*

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૬ વૈશાખ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૭ અંક ૭

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# વૈશાખી બીજે-આત્મધર્મનું અવલોકન



લાઠી શહેરમાં ૭૪ મી જન્મજયંતિ પ્રસંગે ગુરુદેવને અભિનંદનરૂપે આત્મધર્મનો ખાસ અંક ( બ્ર. હરિલાલ જૈનદ્વારા સંપાદિત ) પૂજ્ય ગુરુદેવને અર્પણ કરવામાં આવ્યો, અને પૂ. ગુરુદેવ તેના ચિત્રોનું ભાવપૂર્વક અવલોકન કરી રહ્યા છે તેનું એક દૃશ્ય. પૂ. ગુરુદેવ જે ચિત્રો નિહાળી રહ્યા છે તેની નીચે આ પ્રમાણે નોંધ છે કે –

આ બાહુબલી ભગવાનની અચિંત્ય પ્રભાવશાળી પ્રશાંત મુદ્રા જગતને આત્મસાધનાની મહાન પ્રેરણા આપી રહી છે. યાત્રામાં ઘણાં તીર્થો જોયા, તેમાં આ બાહુબલી ભગવાનની મુદ્રા તો જાણે વર્તમાન જીવંતમૂર્તિ હોય ! એવી છે. અહા ! જાણે વીતરાગી ચૈતન્યરસનું ઢીમ ! એની મુદ્રામાં પુણ્ય અને પવિત્રતા બંને દેખાઈ આવે છે.

*

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬
વૈશાખ
1970 May

* વર્ષ ૨૭: અંક ૭ *

# * સુવર્ણધામમાં અપ્રતિહત મંગલ *

શ્રી જિનેન્દ્ર ભગવંતોની મંગલ પ્રતિષ્ઠા કરીને અને જિનમાર્ગની પ્રભાવના કરીને વૈશાખ સુદ ચોથે પૂ. શ્રી કહાનગુરુ સુવર્ણધામ સોનગઢમાં પધાર્યા...વચ્ચે રસ્તામાં કેરીથી લચી રહેલા સોનગઢના આમ્રવૃક્ષો જાણે કે હાથમાં ફળ લઈને ઝુકી ઝુકીને સ્વાગત કરતા હતા. સોનગઢનું મધુરું અધ્યાત્મવાતાવરણ દેખીને ગુરુદેવ પ્રસન્ન થયા; ભક્તોએ ઉર્મિભર્યું સ્વાગત કર્યું. અને ભાવભીના ચિત્તે ગુરુદેવે જિનમંદિરમાં ભગવાન સીમંધરનાથનાં દર્શન કર્યાં; પછી શ્રી કુંદકુંદ પ્રવચન મંડપમાં ભાવભીનું માંગલિક સંભળાવતાં ગુરુદેવ કહ્યું કે–

‘नमः समयसाराय स्वानुभूत्या चकासते’ એમ કહીને શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવે શુદ્ધઆત્માને નમસ્કારરૂપ મહાન અપ્રતિહત મંગળ કર્યું છે. શુદ્ધઆત્મા જે ચૈતન્યસ્વભાવ છે તેને મારા નમસ્કાર છે; તે હિતરૂપ છે, તે સુખરૂપ છે, તે સારરૂપ છે. તે પોતાની અનુભૂતિ વડે જ પ્રકાશમાન છે. શુદ્ધઆત્માની સ્વાનુભૂતિ તે સંવર અને નિર્જરા તત્ત્વરૂપ છે, તે ચૈતન્યની અંતર્મુખી અરાગી પરિણતિ છે, તે મોક્ષમાર્ગ છે. ચૈતન્યસ્વભાવની અસ્તિ બતાવીને મંગલ કર્યું, તેમાં વિરુદ્ધ ભાવની (રાગાદિની) નાસ્તિ આવી જ ગઈ.

સ્વાનુભૂતિથી પ્રકાશમાન શુદ્ધઆત્મા, સ્વ–પરના સમસ્ત ભાવોને જાણે છે; એમ કહીને સર્વજ્ઞતા–પૂર્ણદશારૂપ મોક્ષતત્ત્વ પ્રસિદ્ધ કર્યું. આ રીતે શુદ્ધજીવ, સંવર, નિર્જરા ને મોક્ષ એ ચારે અસ્તિરૂપ કહ્યા, તેમાં અજીવ તથા આસ્રવબંધની નાસ્તિ છે. આવા સમયસારને નમસ્કાર કરીને મંગળ કર્યું, અને નિર્વિઘ્નપણે અપ્રતિહતભાવે ૨૭૮ કળશ સહિતની ટીકા પૂરી થઈ ગઈ; તે મહામંગળ

છે. સમયસારમાં અલૌકિકભાવો ભર્યા છે. કુંદકુદ આચાર્યદેવે પણ वंदित्तु सव्वसिद्धे કહીને અપૂર્વ ભાવે સમયસાર શરૂ કર્યું ને નિર્વિઘ્નપણે ૪૧૫ ગાથા દ્વારા તેની રચના પૂરી થઈ ગઈ, તે મહાન અપ્રતિહત મંગળ છે.

મંગળિકમાં આચાર્યદેવે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યા; સમયસાર એટલે શુદ્ધઆત્મા તે ભાવરૂપ છે, સત્તારૂપ છે; એ રીતે ભાવરૂપ વસ્તુ, ચિત્સ્વભાવ તેનો ગુણ, અને સ્વાનુભૂતિરૂપ પર્યાય,–આવા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ સમયસારને નમસ્કાર હો.

સમયસારમાં હું નમું છું–તેમાં ઢળું છું, તેમાં અંતર્મુખ થાઉં છું આવો ભાવ તે અપૂર્વ અપ્રતિહત મંગળ છે. અપ્રતિહતભાવે અંતર્સ્વરૂપમાં વળ્યા. હવે અમારી પરિણતિ બીજા કોઈ ભાવમાં નમવાની નથી.

અનંત જ્ઞાન–આનંદ સ્વભાવથી પરિપૂર્ણ આત્મા પોતાના સ્વાનુભવરૂપ નિર્દોષ વીતરાગી પર્યાય વડે પ્રસિદ્ધ થાય છે, ને તે નિર્મળ પરિણતિમાં રાગાદિ અશુદ્ધતાનો અભાવ છે. આમ અંતરના આનંદ સહિત સ્વરૂપને પ્રસિદ્ધ કરીને અપૂર્વ મંગળ કર્યું છે.

*

## સોનગઢમાં -

વૈશાખ સુદ ચોથે પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા ને સોનગઢનું વાતાવરણ અધ્યાત્મના ગૂંજારવથી પુનઃ પ્રફુલ્લિત બન્યું. સોનગઢની જનતામાં નવું ચેતન આવ્યું... બજારો જાગૃત થઈ ગઈ...સવારે સમયસાર ગા. ૨૭૨ થી અને બપોરે પંચાસ્તિકાય ગા. ૬૨ થી પ્રવચનો શરૂ થયા. સવાર–સાંજ શિક્ષણવર્ગ પણ ચાલી રહ્યા છે, તેમાં સેંકડો વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. પૂજન–ભક્તિ–તત્ત્વચર્ચા વગેરેથી આખોય દિવસ ભરચક કાર્યક્રમ ચાલે છે ને દેશભરના જિજ્ઞાસુઓ આનંદથી લાભ લ્યે છે. વૈશાખ સુદ પાંચમે નવી જૈન બાળપોથી ( ભાગ બીજો ) નું પ્રકાશન માનનીય પ્રમુખશ્રીના હસ્તે ગુરુદેવને અર્પણ કરીને થયું હતું. છેલ્લા ત્રણ માસથી પ્રવાસમાં પહેલેથી છેલ્લે સુધી ગુરુદેવ સાથે જ રહેલ, તે દરમિયાન બીજી પ્રવૃત્તિઓ મુલતવી રાખેલ; તેથી પ્રવાસ દરમિયાન અનેક જિજ્ઞાસુઓના જે સેંકડો પત્રો મળ્યા છે તેમને કોઈ ઉત્તર આપી શકાયા નથી; હવે થોડા દિવસમાં તે બધા પત્રોની યોગ્ય વ્યવસ્થા થઈ જશે.

– સંપાદક.

# અરિહંત પરમાત્માની સાચી સ્તુતિ

* * * * * *

ભાવનગર શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે સમયસાર ગાથા ૩૧ તથા ઋષભજિન–સ્તોત્ર ઉપરનાં પ્રવચનોમાંથી દોહન કરેલા ૮૧ બોલ પૂ. ગુરુદેવની ૮૧ મી જન્મજયંતીના ઉપલક્ષમાં અહીં રજુ થાય છે.

–બ્ર. હ. જૈન

૧. અહીં જિનેન્દ્રભગવાન સર્વજ્ઞ પરમાત્માની સ્થાપનાનો ઉત્સવ થાય છે. સર્વજ્ઞભગવાનને ઓળખીને તેમની પરમાર્થ–સ્તુતિ કેમ થાય? તે વાત આચાર્યદેવ આ સમયસારની ૩૧મી ગાથામાં સમજાવે છે. દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ છે, તેનું ભાન કરીને એકાગ્રતા દ્વારા જેઓ સર્વજ્ઞ પરમાત્મા થયા, તેમની વાણીમાં આત્માનું જેવું શુદ્ધસ્વરૂપ કહ્યું, તેવું વીતરાગીસંતોએ જાતે અનુભવીને શાસ્ત્રમાં કહ્યું છે. એવું આ સમયસાર શાસ્ત્ર છે, તેના લિખિતંગ શ્રી કુંદકુંદાચાર્ય અને સાક્ષી સર્વજ્ઞપરમાત્મા સીમંધરભગવાનની!

૨. સર્વજ્ઞદશા પ્રગટ થવાની તાકાત દરેક આત્મામાં છે. એવી સર્વજ્ઞદશા પ્રગટ થતાં શરીર પણ એવું સ્ફટિક જેવુ પરમ ઔદારિક થઈ જાય છે કે તેમાં જોતાં જોનારને સાતભવ દેખાય છે. એ સર્વજ્ઞને ક્ષુધા હોતી નથી, રોગ થતો નથી કે ખોરાક હોતો નથી; હોઠના હલનચલન વગર સહજપણે દિવ્ય વાણી નીકળે છે. આવી અલૌકિક વીતરાગદશા પામેલા સર્વજ્ઞપરમાત્મા અત્યારે પણ વિદેહક્ષેત્રમાં બિરાજે છે. એવા સીમંધરપરમાત્મા પાસે અહીંથી કુંદકુંદાચાર્યદેવ ગયા હતા. આ વાત સાક્ષાત્ સિદ્ધ થયેલી છે. બે હજાર વર્ષ પહેલાં થયેલા આવા આચાર્યદેવે આ સમયસાર શાસ્ત્ર રચ્યું છે. જૈનશાસનનું આ અલૌકિક શાસ્ત્ર છે. તેમાં આત્માની વાર્તા છે.

૩. આત્માના સ્વભાવની વાત જીવે અંદરના પ્રેમપૂર્વક કદી સાંભળી નથી; રાગદ્વેષ અને પુણ્ય–પાપની વાત સાંભળીને, તેનો આદર કર્યો છે. અહીં દેહથી ભિન્ન, રાગાદિથી ભિન્ન અને ખંડખંડ જ્ઞાનથી પણ પાર એવો અખંડ જ્ઞાયકસ્વભાવી આત્મા આચાર્યદેવ ઓળખાવે છે. આવા આત્માનો અનુભવ તે સર્વજ્ઞપરમાત્માની ખરી સ્તુતિ છે. રાગમાં ઊભો રહીને સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ થઈ શકતી નથી, સર્વજ્ઞપરમાત્માની જાતમાં ભળીને, એટલે કે તેમના જેવો અંશ પોતામાં પ્રગટ કરીને જ સર્વજ્ઞભગવાનની નિશ્ચયસ્તુતિ થાય છે. એવી સાચી સ્તુતિનું સ્વરૂપ આ ૩૧મી ગાથામાં કહે છે–

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને.

૪. સર્વજ્ઞભગવાનની સાચી સ્તુતિ એટલે કે આત્માના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરવા તે; પરમાર્થે આ આત્મા સર્વજ્ઞભગવાન જેવો છે. સમયસાર ગા. ૭૨ વગેરેમાં આત્માને જ ભગવાન કહ્યો છે. ગુરુના ઉપદેશથી પોતાના પરમેશ્વર આત્માને જાણ્યો એમ ગા. ૩૮ માં કહ્યું છે. આસ્રવો–પુણ્ય–પાપ તે તો અશુચી–અપવિત્ર છે ને ભગવાન આત્મા તો અત્યંત પવિત્ર છે–એમ ગા. ૭૨ માં કહ્યું છે. આ રીતે જ્ઞાનાનંદસ્વભાવી આત્મા પોતે જ મહિમાવંત છે, ને કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થવાની તેનામાં જ તાકાત છે. આવા ભગવાન આત્માને સ્વાનુભવથી ઓળખવો તે અરિહંત પરમાત્માની પ્રથમ સાચી સ્તુતિ છે.

૫. આત્માનો સ્વભાવ ભગવાન થવાનો છે; પામર રહ્યા કરે ને કોઈકની ભક્તિ કર્યા કરે એવો એનો સ્વભાવ નથી, પણ પામરતા તોડીને, ભક્તિ વગેરેનો રાગ પણ તોડીને પોતે વીતરાગ સર્વજ્ઞપરમાત્મા થાય એવો આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવની સન્મુખ થયા વગર સર્વજ્ઞભગવાનની સાચી સ્તુતિ થતી નથી એટલે કે સમ્યગ્દર્શન થતું નથી.

૬. આ શરીરની પર્યાયરૂપ જડ દ્રવ્યેન્દ્રિયો, તે ઇન્દ્રિયો તરફ વળેલું ખંડખંડ જ્ઞાન તે ભાવેન્દ્રિયો, અને તે ઇન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ બાહ્યપદાર્થો,–એ ત્રણેને જીતીને એટલે કે તે ત્રણેને આત્માથી ભિન્ન જાણીને, એક જ્ઞાયકસ્વભાવપણે પોતાને

અનુભવવો તેનું નામ જીતેન્દ્રિયપણું છે. ઇન્દ્રિયોને જે પોતાનું સ્વરૂપ માને તેને જીતેન્દ્રિયપણું થાય નહીં; એટલે અતીન્દ્રિયજ્ઞાનમય એવા અરિહંતની પરમાર્થ ઉપાસના તેને હોય નહીં.

૭. णमो अरिहंताणं એમ ઘણા બોલે છે, તે અરિહંત પરમાત્માની પરમાર્થ ઉપાસના કેમ થાય તેનું આ વર્ણન છે. અરિહંતનો ભક્ત કેવો હોય, તેને આત્માનું જ્ઞાન કેવું હોય? તે આચાર્યદેવે અલૌકિક રીતે બતાવ્યું છે. રાગથી ભિન્ન એવા આનંદના સ્વાદરૂપે આત્માને અનુભવે તેનું નામ સર્વજ્ઞની સ્તુતિ છે. આ નિશ્ચયસ્તુતિ છે. નિશ્ચયસ્તુતિમાં પોતાના આત્માનું જ અવલંબન છે, તેમાં પરનું અવલંબન નથી.

૮. આવી નિશ્ચયસ્તુતિ જેને પ્રગટી હોય એટલે કે આત્માને રાગથી જુદો જેણે અનુભવ્યો હોય, તેને રાગના વિકલ્પ વખતે બહારમાં પણ સર્વજ્ઞ–વીતરાગ પરમાત્માની આદર–સ્તુતિનો ભાવ હોય, સર્વજ્ઞ–વીતરાગ પરમાત્મા સિવાય બીજા કોઈને તે આદરે નહીં; રાગવાળા, પરિગ્રહવાળા એવા કુદેવને તે કદી ભજે નહીં. સાચા સર્વજ્ઞ–વીતરાગ પરમાત્મા પ્રત્યેનો સ્તુતિનો ભાવ તે પણ રાગ છે, પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી; પોતાના સર્વજ્ઞસ્વભાવ તરફનું અંતર્મુખ વલણ તે જ મોક્ષનું કારણ છે; તે જ સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ છે.

૯. આત્માનો ચૈતન્યસ્વભાવ છે, તે અતિ સૂક્ષ્મ છે. તેની પાસે પુણ્ય–પાપ પણ સ્થૂળ છે, ને જડ ઇન્દ્રિયો તો અત્યંત સ્થૂળ છે. નિર્મળ ભેદજ્ઞાનની પવિત્રતાવડે અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવનો અનુભવ કરતાં જડ ઇન્દ્રિયોને જીવ પોતાથી સર્વથા જુદી જાણે છે. આ જડ શરીર આત્માથી સર્વથા જુદું જ છે. આત્મા સદાય ચૈતન્યપણે રહ્યો છે, શરીર સદાય અજીવ થઈને રહ્યું છે, તે કદી જીવરૂપ થયું નથી. આવું ભેદજ્ઞાન જેણે કર્યું તે જીવ સર્વજ્ઞના માર્ગમાં આવ્યો, તે અરિહંતનો સાચો અનુયાયી થયો, તે જૈન થયો.

૧૦. અહો, આવો અવસર પામીને આત્મા અને શરીરની ભિન્નતા ઓળખવી જોઈએ; જ્ઞાનમાં વારંવાર તેનો અભ્યાસ કરવો જોઈએ. બીજાં પોથાં તો ઘણા ભણ્યો, પણ પરથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદસ્વભાવનો સાચો અભ્યાસ કર તો જ તારો ભવથી છૂટકારો થશે.

(વિશેષ આવતા અંકે)

ભાવનગરમાં -

# ભગવાનની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ

(ચૈત્ર વદ ૧૧ તા. ૧–૫–૭૦) અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી ધમધમી રહેલું ભાવનગર શહેર આજે તો અવનવી ધાર્મિકપ્રવૃત્તિથી ધમધમી રહ્યું છે. ગાંધીસ્મૃતિ પાસેના એ. વી. સ્કુલ મેદાનમાં આદિનાથ નગરથી માંડીને સ્ટેશન સુધી હર્ષભેર ભક્તજનોનાં ટોળાં ચાલ્યા જાય છે. ભાવનગરના આંગણે શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ ઉજવવા પૂ. શ્રી કહાનગુરુ પધારી રહ્યા છે. તેમના ભવ્ય સ્વાગતની તૈયારી ચાલી રહી છે.

કાનાતળાવમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠા કર્યા પછી લાઠી થઈને અને સોનગઢમાં સીમંધર ભગવાનનાં દર્શન કરીને પૂ. ગુરુદેવ ભાવનગર આવી પહોંચ્યા; અને ઉલ્લાસભર્યું ભવ્ય સ્વાગત થયું. સ્વાગતમાં મોખરે રત્નત્રયનો ઝંડો ફરકાવતા ત્રણ હાથી હતા; અને મંગલ કળશ સહિત ૮૧ કુમારિકાઓ વગેરેથી શોભતું સ્વાગત–સરઘસ દેખીને નગરજનો આશ્ચર્ય અનુભવતા હતા.

સ્વાગત–સરઘસ આદિનાથનગરમાં (પ્રતિષ્ઠા–મંડપમાં) આવી પહોંચ્યું, પ્રતિષ્ઠા મંડપની શોભા અનેરી હતી. મંગલ સ્વાગતગીત બાદ હજારો શ્રોતાજનોની સભા વચ્ચે મંગલ–પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–આ માંગળિક થાય છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે તેને સ્પર્શીને જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તે મંગળ છે. આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદ સ્વભાવી છે, સર્વ જીવો જ્ઞાનમય સિદ્ધસમાન છે; કોઈ જીવ અધૂરો નથી કે બીજો તેને આપે. આવો આત્મા તેનું ભાન કરતાં જે સમ્યક્ બીજ ઊગી તે વધીને કેવળજ્ઞાન અને પરમાત્મદશારૂપી પૂર્ણિમા થશે. તે મહાન મંગળ છે. આ આત્માને પરમેશ્વર કેમ બનાવવો તેની આ વાત છે.

ધર્માત્મા જાણે છે કે હું મારા ચૈતન્યરસથી સદાય ભરેલો છું. હું એક છું, મારા સ્વરૂપમાં મોહ નથી; શુદ્ધચેતનાનો સમુદ્ર જ હું છું, આવા ચૈતન્યસમુદ્રમાં ડુબકી મારતાં આનંદનું વેદન થાય ને મોહ ટળે તે અપૂર્વ મંગળ છે.

મંગળ પ્રવચન બાદ તરત જ આદિનાથનગરમાં પંચકલ્યાણક મહોત્સવ સંબંધી

અનેક વિધિઓ શરૂ થઈ. પ્રથમ ભાવનગર મુમુક્ષુ મંડળના પ્રમુખ ભાઈ શ્રી હિંમતલાલ હરગોવિંદદાસના સુહસ્તે જૈન ઝંડારોપણ થયું; તથા ભાઈ શ્રી હીરાલાલ ચુનીલાલ ભાયાણીએ શ્રી જિનેન્દ્રભગવાનને વેદીમંડપમાં બિરાજમાન કર્યા. પંચપરમેષ્ઠી ભગવંતોનું મંગલ પૂજન પ્રારંભ થયું. ઇન્દ્રો દ્વારા મૃત્તિકાનયન તથા અંકુરારોપણ વિધિ પણ થઈ.–આનંદઉલ્લાસભરેલા વાતાવરણ વચ્ચે જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણકનો મહોત્સવ શરૂ થયો.

ઉત્સવ દરમિયાન પ્રવચનમાં સમયસારની ૩૧ મી ગાથા તથા ઋષભજિનસ્ત્રોત્ર ( પદ્મનંદી પચ્ચીસીમાંથી ) વંચાતું હતું. ( તે પ્રવચનોનો સાર આ અંકમાં આપ્યો છે. )

ભાવનગર એટલે સોનગઢનું પાડોશી. જુના વખતથી જ અહીં જૈનધર્મનું ગૌરવ છે...નજીકમાં જ જુનું ઘોઘા બંદર છે–જેની ઇતિહાસપ્રસિદ્ધ જાહોજલાલીના પ્રાચીન અવશેષો આજે પણ નજરે પડે છે, બે હજાર વર્ષથી પ્રાચીન વીતરાગ જિનબિંબો ત્યાં બિરાજે છે; બીજી બાજુ નજીકમાંજ સિદ્ધક્ષેત્ર શત્રુંજય; અને ત્રીજી બાજુ સોનગઢ જેવું અધ્યાત્મધામ–આવા ભાવનગર શહેરમાં જૈન સમાજની સંખ્યા વીસ હજાર જેટલી છે, ને શ્વેતાંબર–દિગંબર બંને સમાજ વચ્ચે પરસ્પર પ્રેમભર્યું વાતાવરણ છે. અહીંના મુમુક્ષુ મંડળને એક ભવ્ય દિગંબર જિનમંદિર બંધાવવાની ઘણા વખતથી ભાવના હતી; તે અનુસાર ગાંધીસ્મૃતિ પાસે માણેકવાડીના ચોકમાં બે લાખ રૂા. ના ખર્ચે વિશાળ રમણીય જિનમંદિર તૈયાર થયું, અને તેમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ થયો. આખી નગરીમાં આનંદમય વાતાવરણ છવાઈ ગયું.

ચૈત્ર વદ ૧૨ ની સવારમાં માતાજીના સુહસ્તે નાંદી વિધાન (મંગલ કુંભસ્થાપન) પૂર્વક પિતા–માતા–ઇન્દ્રો વગેરેની સ્થાપના થઈ. માતા–પિતાની સ્થાપનાનું સૌભાગ્ય ખૈરાગઢવાળા શેઠશ્રી ખેમરાજજી હંસરાજજી તથા સૌ. ધૂલિબહેનને મળ્યું હતું. ૧૬ ઇન્દ્ર–ઇન્દ્રાણીની તથા કુબેરની સ્થાપના થઈ હતી. તેમાં સૌધર્મેન્દ્રની સ્થાપનાનું ભાગ્ય શશીકાન્તભાઈને મળ્યું હતું. પ્રવચન બાદ ઇન્દ્રોનું સરઘસ ઠાઠમાઠપૂર્વક નગરીમાં ફરીને જિનેન્દ્રપૂજન માટે આવ્યું હતું. બપોરે ઇન્દ્રો દ્વારા યાગમંડલ પૂજન થયું હતું, આ મહાનપૂજનમાં પંચપરમેષ્ઠી, ત્રણ ચોવીસીના તીર્થંકરો, વીસ વિહરમાન તીર્થંકરો, ૩૬ ગુણયુક્ત આચાર્ય, ૨૫ ગુણયુક્ત ઉપાધ્યાય, ૨૮ મૂળગુણયુક્ત સાધુ, કેવળજ્ઞાનાદિ ૪૮ ઋદ્ધિસંપન્ન મુનિવરો; જિનવાણી, જિનાલય, જિનબિંબ, જિનધર્મ –તે સર્વેનું પૂજન કરવામાં આવે છે.

રાત્રે પંચકલ્યાણકના પ્રારંભરૂપે ઈન્દ્રસભા, અયોધ્યાનો રાજદરબાર વગેરેના દ્રશ્યો થયા હતા. ભગવાનના અવતારની તૈયારી જાણીને ઈન્દ્રો આનંદ ઉત્સાહ મનાવે છે, દિગ્કુમારી દેવીઓ આવીને માતાની સેવા અને ધર્મચર્ચા કરે છે. માતાજી મરુદેવી ૧૬ સર્વશ્રેષ્ઠ મંગળસ્વપ્નો દેખે છે. તેના ફળરૂપે પ્રથમ તીર્થંકરનું ગર્ભાવતરણ જાણીને સર્વત્ર આનંદ છવાઈ જાય છે, વગેરે દ્રશ્યો થયા હતા. પંડિતજીએ એક ખુલાસો કર્યો : શું ભગવાન ગર્ભમાં આવે છે?–નહિ; ભગવાન થયેલો જીવ ગર્ભમાં નથી આવતો, પણ ગર્ભમાં આવેલો આરાધક જીવ આગળ વધીને તે ભવમાં ભગવાન થાય છે. ભગવાન થયા પછી ફરીને તેને અવતાર રહેતો નથી.

મરુદેવી માતાને અધ્યાત્મચર્ચાનો પ્રેમ હતો, તેથી દેવીઓને આજ્ઞા કરી કે આ આનંદપ્રસંગે કાંઈક ધર્મચર્ચા સંભળાવો, તે અનુસાર દેવીઓ પરસ્પર ધર્મચર્ચા કરવા લાગી–

(૧) સખી, કહીએ, મોક્ષકા ઉપાય કયા હૈ?

નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર મોક્ષકા ઉપાય હૈ.

(૨) દેવી! ઈસ ભરતક્ષેત્રમેં મોક્ષકા માર્ગ કૌન ખોલેંગે?

ભગવાન ઋષભદેવ પ્રથમ તીર્થંકર હોકર મોક્ષકા માર્ગ ખોલેંગે.

(૩) દેવી, યહ બતાઈયે કિ આત્મા કયા કર સકતા હૈ?

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानात् अन्यत् करोति किम्।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।

(૪) આ આત્માને માટે ધ્રુવ અને શરણરૂપ કોણ છે?

સાંભળો–

લક્ષ્મી શરીર સુખદુઃખ અથવા શત્રુ મિત્ર જનો અરે,
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે.

(૫) અપને હિતકે લિયે કૈસા વિચાર કરના ચાહિએ?

સુનિએ, જ્ઞાની કહતે હૈં કિ–

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.

(અનુસંધાન પૃ. ૩૪ ઉપર)

# આત્માને ઓળખવાનું સાચું લક્ષણ

*

[ રાજકોટમાં પ્રવચનસાર ગા. ૧૭૨ ઉપરનાં પ્રવચનોમાંથીઃ વીર સં. ૨૪૯૬ ]

**અહા ! વીતરાગીમાર્ગ સ્વસન્મુખતાનો માર્ગ છે, પરાશ્રયથી તેના પત્તા લાગે તેમ નથી.**

* * *

**પોતામાં સવસન્મુખ થયા વગર દેવ-ગુરુ વગેરેની સાચી ઓળખાણ થતી નથી.**

આત્મા શરીર નથી એમ આચાર્યદેવે સમજાવ્યું; ત્યારે જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે, જો શરીર તે આત્મા નથી તો શરીરાદિ સમસ્ત પરદ્રવ્યોથી જુદો આત્મા કયા સાધનથી ઓળખવો ? આત્માનું એવું કયું અસાધારણ સ્વલક્ષણ છે કે જેનાથી આત્મા સ્પષ્ટપણે પરથી જુદો અનુભવમાં આવે ? એ રીતે નિજસ્વરૂપને જાણવાની જેને દરકાર અને ધગશ છે તેને આચાર્યદેવ આ ગાથા દ્વારા આત્માનું સ્વરૂપ ઓળખાવે છે.

આત્માનું લક્ષણ ચેતના છે; અને પોતાની ચેતના પોતાના સ્વદ્રવ્યના જ આશ્રયે છે, તેથી ચેતનાવડે સ્વદ્રવ્ય અનુભવમાં આવે છે.

આવો જે ચેતનાલક્ષણથી લક્ષિત આત્મા છે તે અલિંગગ્રાહ્ય છે; તેને '**अलिंगग्रहणं**' કહીને વીસ અર્થદ્વારા અત્યંત સ્પષ્ટ કરીને આત્માનું સ્વરૂપ સમજાવે છે. તે વીસ અર્થોનું આ વિવેચન છે. ( થોડોભાગ ગતાંકમાં આપ્યો છે. )

જ્ઞાની આત્માને કેવી રીતે ઓળખાય ?

જ્ઞાનસ્વરૂપ આત્મા લક્ષમાં આવે ત્યારે બીજા જ્ઞાની આત્માની ખરી ઓળખાણ થાય. રાગથી જુદો પડીને જ્ઞાનના લક્ષે જ્ઞાનીની ઓળખાણ થાય; કેમકે જે શુદ્ધાત્માની જાતને ઓળખવી છે તેવી જાતરૂપે પોતે પરિણમ્યા વગર તેની ખરી ઓળખાણ થાય નહીં. જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખવા માટે પોતામાં ઇન્દ્રિયાતીત જ્ઞાનરૂપ પરિણમન થાય ત્યારે જ આત્મા ઓળખાય છે. પોતામાં અતીન્દ્રિયપણું થયા વગર, એકલા પરોક્ષ–અનુમાન વડે, અતીન્દ્રિય થયેલા સામા આત્માને ઓળખી શકાતા નથી. આ રીતે શુદ્ધઆત્મા એકલા અનુમાન વડે જણાતો નથી, માટે તે અલિંગગ્રહણ છે.

એકલા અનુમાનથી જાણવામાં આવે તે શુદ્ધઆત્મા નહીં; શુદ્ધાત્મા તો પ્રત્યક્ષજ્ઞાનથી જાણવામાં આવે છે.

જેમ બીજાઓવડે આ આત્મા એકલા અનુમાનવડે જણાતો નથી, તેમ આત્મા પોતે એકલા અનુમાનવડે પરને જાણે એવો પણ નથી એટલે કે અનુમાતા માત્ર નથી; પણ પોતે પ્રત્યક્ષરૂપ થઈને, ઇન્દ્રિયાદિથી જુદો પડીને, પરને જાણે છે. છ દ્રવ્યને જાણવાની તાકાતવાળો આત્મા, એકલા અનુમાનવડે છ દ્રવ્યોને નથી જાણતો; સ્વસંવેદન– પ્રત્યક્ષપૂર્વકના અનુમાનવડે જાણે તે સાચું છે. પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિપૂર્વક પરજ્ઞેયોને જાણે એવો આત્મા છે; એટલે કે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. જાણનારને પોતાને જાણ્યા વગર પરનું સાચું જ્ઞાન થતું નથી.

એકલા રાગરૂપ વ્યવહારની વાત તો દૂર ગઈ, એકલા પરોક્ષજ્ઞાનરૂપ જે વ્યવહાર, તેનાથી કામ લ્યે તે પણ ખરો આત્મા નહીં; એકલું અનુમાન જ્ઞાન તે આત્મા નહિ, ને તેના વડે આત્મા જણાય નહીં, ને એકલા અનુમાનવડે આત્મા જાણે નહીં. શ્રવણના લક્ષે થયેલું જ્ઞાન તેના વડે આત્મા જણાય નહીં.

આ તો જ્ઞાનસ્વભાવી આત્માનું ઘોલન છે. વીસેય બોલમાં જ્ઞાનસ્વભાવી આત્મા જ ઘૂંટાય છે. અંતર્મુખ થઈને જ્યાં જ્ઞાનસ્વભાવી આત્માને સ્વસંવેદનમાં લીધો તેમાં આ વીસે અર્થો સમાઈ ગયા; તેણે પોતાની ચેતનાવડે અલિંગગ્રહણ આત્માને પ્રાપ્ત કરી લીધો.

આત્મા પ્રત્યક્ષજ્ઞાતા છે. ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર, જે અનંત જ્ઞાન–આનંદની ખાણ છે, તેની જગતને ખબર નથી; ક્ષણિક અંશ ઇન્દ્રિયજ્ઞાન કે પુણ્ય–પાપ તેને જ તે પોતાનું સ્વરૂપ માને છે પણ અખંડ સ્વભાવને નજરમાં લેતો નથી. વસ્તુ નિત્યપરિણામી છે. નિત્ય–પરિણામી ન હોય તો દુઃખ પલટીને સુખનું કાર્ય થઈ શકે નહીં. નિત્યસ્વભાવની સન્મુખ નજર કરે તો મહા નિધાન હાથમાં આવે.

આત્મા જાણનાર છે; તે જાણવાનું કાર્ય ઇન્દ્રિયદ્વારા નહિ, રાગદ્વારા નહીં, એકલા અનુમાનદ્વારા નહીં પણ પ્રત્યક્ષ જ્ઞાનદ્વારા કરે, એવો પ્રત્યક્ષજ્ઞાતા આત્મા છે. શુદ્ધઉપયોગદ્વારા આવા આત્માની પ્રાપ્તિ થાય છે. બીજી રીતે માને તો આત્માની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાતાસ્વભાવ છે તે પોતાના સ્વભાવના અંશ વડે કામ કરનારો છે. સ્વભાવથી વિપરીત એવા ઇન્દ્રિયો કે રાગાદિ ભાવો વડે જાણવાનું માને તો તેને આત્મા પ્રાપ્ત નહીં થાય. ભલે મંદરાગ હોય પણ તે રાગની જાત છે, તે જ્ઞાનની જાત નથી, જ્ઞાનથી તે વિરુદ્ધ છે; તે રાગમાં એવી તાકાત નથી કે આત્માને સ્પર્શે–અનુભવે.

આત્માને પોતાના ઉપયોગચિહ્નમાં પરજ્ઞેયોનું આલંબન નથી. પરજ્ઞેયનું અવલંબન કરીને થાય તે સાચો ઉપયોગ નહીં. ઉપયોગમાં દિવ્ય–ધ્વનિનું અવલંબન નથી. ઉપયોગચિહ્ન તે કહેવાય કે જે પોતાના આત્માને જ અવલંબીને વર્તે બહારના વૈકુંઠમાં (એટલે કે સ્વર્ગમાં) કાંઈ સુખ નથી, ત્યાં કાંઈ ભગવાન નથી બિરાજતા; અંતરમાં જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ પોતાનો આત્મા તે જ સાચું વૈકુંઠ છે; તેમાં અંદર જતાં ચૈતન્યભગવાનના ભેટા થાય છે.

ચૈતન્યનો જે ઉપયોગ તે સ્વયમેવ (પરના આલંબન વગર જ) જાણવાના સ્વભાવવાળો છે. પરનું આલંબન કહેતાં ભગવાનનું, શાસ્ત્રનું, ગુરુનું કોઈ પણ પરવસ્તુનું અવલંબન કરીને અટકે તો તે ઉપયોગમાં શુદ્ધઆત્મા લક્ષિત થતો નથી, માટે આત્માના ઉપયોગલક્ષણમાં તે કોઈનું પણ અવલંબન નથી. પરના અવલંબનમાં તો રાગ છે, તે કાંઈ આત્માનું ચિહ્ન નથી. રાગમાં કાંઈ સુખ નથી. રાગથી ભિન્ન એવો નિર્વિકલ્પ અતીન્દ્રિય ઉપયોગ તેમાં જ પરમ સુખ છે. આનંદના ધામ પ્રભુને આ શરમજનક શરીરો ધારણ કરવા પડે તે શોભતું નથી. ઉપયોગલક્ષણમાં રાગનું કે શરીરનું ગ્રહણ નથી.

પર તરફ ઝુકતા ભાવને આત્માનું લક્ષણ કહેવાય નહીં. અંતરમાં ઝુકીને આત્માના સ્વભાવમાં જે એકતા કરે ને રાગથી ભિન્નતા કરે તે ઉપયોગ જ આત્માનું લક્ષણ છે; તેમાં આનંદ છે. સ્વજ્ઞેય–આત્મા સિવાય પરજ્ઞેય સાથે ઉપયોગનો સંબંધ નથી. પરાવલંબી ઉપયોગ વડે આત્માને જાણી શકાતો નથી, માટે તે ઉપયોગને આત્માનું સ્વરૂપ કહેતા નથી. આવો આત્મા જ્યાં અનુભવમાં લીધો ત્યાં ઉપયોગમાં પરજ્ઞેયનું આલંબન નથી.

આત્માની અનંતશક્તિમાં એક શક્તિ 'સ્વ–સ્વામીત્વસંબંધ' નામની છે; પણ તે શક્તિનું કાર્ય એવું નથી કે આત્મા પરનો સ્વામી થાય. આત્માનો સ્વ–સ્વામીત્વ સંબંધ પોતામાં જ પૂરો થાય છે, પરમાં જતો નથી. આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સાથે આત્માને સ્વ–સ્વામીપણું છે. નિર્મળ ઉપયોગરૂપે આત્મા પોતે પરિણમે છે, કયાંય બહારથી તે ઉપયોગ લાવતો નથી. આત્માને પરદ્રવ્યોથી વિભક્તપણું છે ને જ્ઞાનરૂપ સ્વધર્મથી અવિભક્તપણું છે.–આવી નિર્મળ પર્યાય સહિતના શુદ્ધઆત્માને એકપણું તથા ધ્રુવપણું છે–એમ પ્રવચનસારની ૧૯૨ મી ગાથામાં કહ્યું છે. સ્વભાવના અવલંબને પ્રગટેલી, અને બીજા કોઈના અવલંબન વગરની એવી જ્ઞાનપર્યાયવાળો આત્મા છે. બહારથી તેનું ગ્રહણ નથી માટે તેને અલિંગગ્રહણપણું છે. જ્ઞાનમાં

બહારનું અવલંબન જે માને તેણે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણ્યો નથી, તે ખરેખર બહારથી જ્ઞાન આવવાનું માને છે. જ્ઞાન તો આત્મામાંથી જ ઉલ્લસે છે. જેમ સમુદ્ર ભરતી વખતે સ્વયમેવ પોતાના મધ્યબિંદુથી જ ઉલ્લસે છે, તેમ આત્મા સ્વયમેવ પોતાના જ્ઞાનસ્વભાવથી જ ઉલ્લસીને નિર્મળ ઉપયોગરૂપે પરિણમે છે; તે ઉપયોગ કોઈથી હરાતો નથી.

**સાધકના ઉપયોગનું અપ્રતિહતપણું સૂચવનારો આ માંગળિક બોલ છે. (ગુરુદેવને ખાસ પ્રિય છે.) આત્માના સ્વભાવ તરફ જે ઉપયોગ ઝુક્યો તે આત્મા સાથે અભેદ થયો, તેને હવે કોઈ કરી શકે નહીં; તે ઉપયોગ પાછો પડે નહીં. ઉપયોગે શુદ્ધચૈતન્યને ધ્યેય કર્યો તે અપ્રતિહત ધ્યેયે કેવળજ્ઞાન લેશે. ધ્યેયમાં લીન થયેલો ઉપયોગ કદી ખસે નહીં, સ્વધ્યેય છોડીને બીજાને તે ધ્યેય બનાવે નહીં. રાગથી જુદો પડીને ચૈતન્યધામમાં જે ઉપયોગ આવ્યો તે ઉપયોગ હવે જગતની કોઈ પ્રતિકૂળતામાં પણ ફરે નહીં; આત્મા અને તેનો ઉપયોગ જુદા પડે નહીં. નવમો અફર બોલ છે, તે અફર ઉપયોગને બતાવે છે. ઉપયોગ આત્માને ભેટયો તે હવે જુદો ન પડે.**

– વાહ! જુઓ, આ સાધકના અપ્રતિહતભાવના પડકાર.

શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની ઉમરે લખે છે–‘હું સચ્ચિદાનંદ પ્રભુ છું.’ આમ અંદરથી પ્રભુતાનો પડકાર આવવો જોઈએ. પરમાત્મસ્વરૂપ અંદર જ પડયું છે; તેનું લક્ષ કરીને જે ઉપયોગ એકાગ્ર થયો તેનો ઘાત થતો નથી, ને સાધકને હવે કોઈ કર્મ એવું નથી કે તેના ઉપયોગના ઘાતમાં નિમિત્ત થાય. ઉપયોગનો ઘાત થતો જ નથી પછી તેને ઘાતવાનું નિમિત્ત કેવું? બહિર્મુખવૃત્તિથી જુદો પડીને અંતરમાં વળેલો ઉપયોગ, તે સ્વભાવભૂત થયો,–સ્વભાવનો નાશ થાય નહીં તેમ તેનો નાશ થાય નહીં. સ્વદ્રવ્ય તરફ ઝુકેલો ઉપયોગ કદી પાછો પડે નહીં. ઉપયોગે જ્યાં ચેતનનું રૂપ લીધું ત્યાં તેની જાત વિકારથી જાુદી પડી ગઈ. રાવણને તાબે સીતા થતા નથી, ત્યારે રાવણને કોઈ કહે છે કે સતી સીતા રામચંદ્ર સિવાય બીજા સાથે રીઝે નહીં, માટે હે રાવણ! તું રામનું રૂપ ધારણ કરીને એની પાસે જા તો તે રીઝશે. ત્યારે રાવણ કહે છે કે–‘પણ હું જ્યાં રામનું રૂપ લઉં છું ત્યાં મારા ભાવો પલટાઈ જાય છે, વિકારી વૃત્તિઓ રહેતી નથી. તેમ પરભાવમાં દોડતી પરિણતિ, જ્યાં અંતર્મુખ આતમરામ તરફ વળે છે ત્યાં તે શુદ્ધ થઈ જાય છે, તેમાં વિકાર રહેતો નથી. આવી શુદ્ધ પરિણતિરૂપે પરિણમેલા ઉપયોગને કોઈ હરી શકે નહીં. અપ્રતિહત ઉપયોગ તે મહાન માંગળિક છે.

– * –

# મોરબી શહેરમાં બે દિવસ

રાજકોટ શહેરમાં ૧૫ દિવસના કાર્યક્રમ બાદ ચૈત્ર સુદ ૧૦ ના રોજ ( માનસ્તંભ પ્રતિષ્ઠાના વાર્ષિક દિવસે ) પૂ. ગુરુદેવ મોરબી શહેર પધાર્યા. ઉત્સાહ પૂર્વક સ્વાગત થયું. જિન મંદિરમાં પાંચ બાલબ્રહ્મચારી ભગવંતોનાં દર્શન કર્યા. સ્વાગતગીત બાદ બે હજાર જેટલા શ્રોતાજનો વચ્ચે મંગલ પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે –

આત્મા સદા આનંદસ્વરૂપ છે, તેની સન્મુખ થતાં જે આનંદ દશા પ્રગટ થાય તે મંગળ છે. અનાદિકાળથી નિજસ્વરૂપને ભૂલીને સંસારમાં રખડતા જીવે નિજસ્વરૂપની શાંતિ કદી ચાખી નથી, સ્વાદી નથી, અનુભવી નથી; એ શાંતિ જેનાથી પ્રાપ્ત થાય તે સાચું મંગળ છે; બાકી બધા જે લૌકિક મંગળ છે તે તો નાશવાન છે, તે ખરા મંગળ નથી.

ધર્મી કહે છે કે હે નાથ ! આપના જેવું અમારૂં સ્વરૂપ અમે ઓળખ્યું અને અમને તેની લગની લાગી; તે લગનીની ખૂમારી હવે કદી ઊતરે નહીં. ( લાગી લગન હમારી હો જિનજી...લાગી લગન હમારી; ઊતરે ન કબહું ખૂમારી હો જિનજી...લાગી લગન હમારી. )

આત્માનું જેવું સ્વરૂપ ભગવાને સંભળાવ્યું તે લક્ષમાં લેતાં તેની લગની લાગી, તે હવે કદી કોઈથી છૂટે નહીં, લોકલાજથી ડરીને આત્માની લગની છૂટે નહીં, દુનિયા ગમે તેમ બોલે પણ આત્માની જે રુચિ જાગી તેમાં ભંગ પડે નહીં. ચૈતન્યના મહિમા પાસે બધી ચીજ તૂચ્છ લાગે છે. ચૈતન્યનો જશ, ચૈતન્યનો મહિમા સાંભળ્યો ને તેની અપૂર્વ રુચિ થઈ તે મંગળ છે.

બે દિવસના પ્રવચનમાં સમયસાર ગા. ૧૪ વંચાણી હતી, તથા શ્રીમદ્ રાજચંદ્રના અનેક વચનામૃતનું સ્પષ્ટીકરણ થતું હતું. હજારો જિજ્ઞાસુઓ પ્રેમથી શ્રવણ કરતા હતા. પ્રવચનના પ્રારંભમાં ગુરુદેવે કહ્યું –

શ્રીમદ્ રાજચંદ્રજી આત્મસિદ્ધિમાં મંગળરૂપે ગાથા લખે છે કે –

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.**
**સમજાવ્યું તે પદ નમું શ્રીસદ્‌ગુરુ ભગવંત.**

જુઓ, આમાં શું ન્યાય છે? આત્માનું સ્વરૂપ સમજ્યા વિના હું અનંત દુઃખ પામ્યો એમ કહ્યું; પણ પુણ્ય ન કર્યા માટે દુઃખ પામ્યો એમ ન કહ્યું. આત્માને સમજ્યા વગર પુણ્ય પણ અનંતવાર કરી ચૂક્યો અને છતાં એકલું દુઃખ જ પામ્યો, પુણ્ય કરવા છતાં તેનાથી લેશ પણ સુખ ન પામ્યો એટલે પુણ્યનો શુભરાગ એ કાંઈ ધર્મ નથી, ધર્મ ચીજ જુદી છે.

અનંતવાર નરકમાં ને સ્વર્ગમાં ગયો; પણ આત્માના જ્ઞાન વગર અનંત દુઃખ પામ્યો. સ્વર્ગમાં ક્યારે જાય? કે પુણ્ય કરે ત્યારે. પુણ્ય કરવા છતાં, સ્વરૂપ સમજ્યા વગર દુઃખ જ (એકલું દુઃખ) પામ્યો. માટે શુભરાગ પણ દુઃખ જ છે. ભગવાન આત્મા કર્મથી ને રાગથી જુદી ચીજ છે; આનંદમૂર્તિ આત્માના ભાન વગર બહારમાં જિનેન્દ્ર દેવનાં દર્શન–ભક્તિ તથા વ્રતાદિના રાગ અનંતવાર કર્યા.–પણ તેનું ફળ શું? કે દુઃખ તે કેમ મટે? કે આત્માનું સ્વરૂપ સમજે તો. એ સિવાય શુભાશુભભાવ વડે આત્મા રીઝે નહીં, ને તેનું દુઃખ મટે નહીં.

રાવણના અનેક પ્રયત્ન કરવા છતાં સતી સીતા દેવી રીઝતી નથી; ત્યારે કોઈ કહે છે કે તું રામનું રૂપ ધારણ કર તો સીતા રીઝશે. પણ રાવણ જ્યાં રામનું રૂપ ધારણ કરે છે ત્યાં વિકારની વાસના રહેતી નથી. તેમ ચૈતન્યરામ એવો આ આત્મા, તેની શુદ્ધ પરિણતિરૂપી સીતા, તે રાગવૃત્તિરૂપી રાવણવડે રીઝે તેમ નથી. રાગના સેવન વડે શુદ્ધ–પરિણતિ કદી પ્રગટે નહીં. અને અંતરમાં ચૈતન્ય સ્વભાવ તરફ વળીને જ્યાં આત્મરામનું સાચું રૂપ ધારણ કર્યું ત્યાં શુદ્ધપરિણતિરૂપી સીતા રીઝે છે ને ત્યાં વિકારીવૃત્તિઓ રહેતી નથી. આત્માની જે અનુભૂતિ તે ધર્મ છે, તેને જ જિનશાસન કહેવાય છે. જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે મને આવા આત્માનો અનુભવ કેમ થાય? ચાર ગતિથી થાકેલા ને આત્માના સુખની ઝંખના વાળો શિષ્ય તેની રીતે પૂછે છે. ઊંડેથી તેને લક્ષમાં આવ્યું છે કે આત્માના અનુભવ વગર અત્યાર સુધી જે કાંઈ મેં કર્યું તેમાં પણ કિંચિત સુખ મળ્યું નહીં; તો સુખનો માર્ગ અંતરમાં કંઈક બીજો જ છે.

જેમ રાવણ વડે સીતા રીઝે નહીં તેમ શુભાશુભ બંધ ભાવ વડે મોક્ષ કદી સધાય નહીં.

બંધનના કારણ વડે આત્મા કેમ સધાય? બંધભાવ વડે મોક્ષનું સાધન કેમ થાય? શુભ ને અશુભ તો અનંત વાર કર્યા.–

**વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભમાંય.**
**તેહ શુભાશુભ છેદતાં ઉપજે મોક્ષસ્વભાવ.**

અશુભ તેમજ શુભ બંને ને છેદતાં મોક્ષભાવ પ્રગટે. પરંતુ અશુભને છેદીને શુભરાગ કરવાથી તેના વડે મોક્ષ થાય એમ કદી બને નહીં. ધર્મ તો વીતરાગ પદ છે, મોક્ષમાર્ગ વીતરાગભાવરૂપ છે, અને શુદ્ધઆત્માની અનુભૂતિથી જ તે પ્રગટે છે. આવા અનુભવમાં જૈનશાસન સમાય છે. લોકોને અનુભવના મહિમાની ખબર નથી. એને તો રાગના સ્થૂળ પરિણામનો જ પરિચય છે.

જેમ સાચા મોતીનાં પાણી પછેડી પલાળીને ન મપાય, તેમ આતમ–હીરાનાં ચૈતન્યતેજ શુભરાગ વડે પારખી ન શકાય. ચૈતન્ય હીરાને પારખવા માટે તો રાગથી જુદી, અંતરની સૂક્ષ્મ દ્રષ્ટિ જોઈએ. આત્માએ અનાદિથી સંકલ્પ–વિકલ્પરૂપ વિકારભાવોને જ ભોગવ્યા છે; પણ એનાથી પાર વસ્તુ અંતરમાં શું છે? તે લક્ષમાં લીધું નથી. અહીં આચાર્યદેવ તેનું સ્વરૂપ સમજાવે છે.

આત્માનું પરમાર્થસ્વરૂપ ૧૪ મી ગાથામાં દ્રષ્ટાંતથી સમજાવ્યું છે. જેમ કમળપત્ર સરોવરની વચ્ચે રહેલું છે, તેને જો જળના સંયોગવાળી દશા તરફથી જુઓ તો તેમાં પાણીથી સ્પર્શાવાપણું દેખાય છે, પણ જો તેને તેના અલિપ્ત સ્વભાવથી જુઓ તો તેમાં પાણીનો સ્પર્શ નથી. તેમ આત્માને કર્મ તરફની અશુદ્ધ અવસ્થાથી જુઓ તો તેમાં કર્મબંધન અને અશુદ્ધતા દેખાય છે, પણ જો તેના જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને જુઓ (એટલે કે અનુભવ કરો) તો આત્મા એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવ છે તેમાં કર્મનો સંબંધ કે અશુદ્ધતા નથી. આવા આત્માની અનુભૂતિ તે સમ્યગ્દર્શન છે. ધ્રુવસ્વભાવને દેખતાં શાંતદશા પ્રગટે તે ધર્મ છે. આવી ધર્મની વાત સાંભળવા માટે ઉપરથી સ્વર્ગના ઇન્દ્રો પણ તીર્થંકરપ્રભુના સમવસરણમાં આવે છે ને અત્યંત આદરથી પ્રભુની વાણીમાં શુદ્ધાત્માની વાત સાંભળે છે.

સમ્યગ્દ્રષ્ટિ–ઇન્દ્ર તે પોતાને સ્વર્ગનો સ્વામી નથી માનતો, તે તો પોતાને શુદ્ધ આત્મવૈભવનો સ્વામી સમજે છે. રાગનો કણિયો પણ મારા સ્વભાવની ચીજ નથી ત્યાં બહારના સંયોગની શી વાત! આવા ઇન્દ્ર પણ આત્માના સ્વભાવની વાર્તા સાંભળવા માટે દેવલોકમાંથી અહીં મનુષ્યલોકમાં તીર્થંકર ભગવાનની ધર્મસભામાં આવે છે.–શું તે સાધારણ પુણ્યની ને દયા–દાન–પૂજાની વાત સાંભળવા માટે આવતા હશે! એ વાત તો સાધારણ લોકો પણ જાણે છે, પણ એનાથી પાર ચૈતન્યની કોઈ અપૂર્વ વાત સાંભળવા ઇન્દ્રો પણ આવે છે. આ મનુષ્યપણામાં આત્માનું સ્વરૂપ સમજી લેવા જેવું છે. શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની ઉંમરે કહે છે કે –

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યાં,
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.

ઘણા જીવોને અંતરમાં આત્માનો આવો વિચાર પણ જાગતો નથી ને વેપાર ધંધામાં મશગુલ રહીને પાપમાં જીવન ગુમાવે છે; જરાક આગળ વધે તો કંઈક શુભરાગ કરીને સન્તોષ માની લ્યે કે ધર્મ કરી લીધો પણ બાપુ! ધરમના રાહ કંઈક જુદા છે. ફૂરસદ લઈને, વિવેકપૂર્વક એટલે રાગથી જરા જુદો પડીને આત્માના સ્વરૂપનો અંતરમાં શાંતિથી વિચાર કરવો જોઈએ. શુદ્ધઆત્માને ઓળખવો એટલે કે અનુભવવો તે સિદ્ધાંતનો સાર છે, તે જૈનશાસન છે; તેમાં જ મનુષ્યપણાની સાર્થકતા છે.

[ મોરબીમાં રાત્રે તત્ત્વચર્ચા પણ સારી ચાલતી હતી; ચૈત્ર સુદ દસમે પૂ. બેનશ્રી–બેને માનસ્તંભની ખાસ ભક્તિ કરાવી હતી. બીજે દિવસે રાષ્ટ્રિયશાળાના બાળકોએ ભજન–ભક્તિનો કાર્યક્રમ રજુ કર્યો હતો. આપણા આત્મધર્મના સંપાદક બ્ર. હરિભાઈ મોરબીના વતની છે. કેટલાક ભાઈ–બહેનો મોરબીથી વવાણિયા પણ ગયા હતા. પૂ. ગુરુદેવ ચૈત્ર સુદ ૧૨ના રોજ સવારમાં જિનમંદિરમાં ભક્તિ કરાવીને વાંકાનેર પધાર્યા હતા. )

## સ્વભાવની ‘હા’

**હે જીવ! તું અનંત ધર્મના વૈભવથી ભરેલો છે. આ તારા સ્વભાવની ચીજ તને બતાવીએ છીએ. તારી વસ્તુની એકવાર હા તો પાડ. આ સ્વભાવની એકવાર ‘હા’ પાડવામાં એટલે કે તેની પ્રતીત કરવામાં વિકલ્પની જરૂર નથી, કેમકે તેમાં વિકલ્પ નથી. જેમાં વિકલ્પ નથી એવા સ્વભાવની પ્રતીત કરવામાં વિકલ્પનું અવલંબન કેમ હોય? નિર્વિકલ્પ વસ્તુમાં વિકલ્પને સાથે લઈને જવાતું નથી. અહો, ચૈતન્ય ભગવાન કેવો શુદ્ધ છે!- તો આ ચૈતન્ય ભગવાનને ભેટનારી પરિણતિ તેના જેવી શુદ્ધ, રાગ વગરની હોય.**

**( – ‘આત્મવૈભવ’ માંથી )**

# વાંકાનેરમાં બે દિવસ

**[ મહાવીર-જન્મોત્સવ અને સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન ]**

ચૈત્ર સુદ ૧૨ ના રોજ પૂ. ગુરુદેવ મોરબીથી વાંકાનેર પધારતાં ઉત્સાહથી ભાવભીનું સ્વાગત થયું. અહીં જિનમંદિરની બાજુમાં જ મોટું સ્વાધ્યાયમંદિર બંધાયેલ છે, તેનું ઉદ્ઘાટન ભાઈશ્રી ચીમનલાલ વિકમચંદ સંઘવીના હસ્તે થયું. સ્વાધ્યાયમંદિર સુંદર છે. સ્વાધ્યાય મંદિરમાં પ્રવેશ પછી સ્વાગત–ગીત બાદ મંગલ પ્રવચનમાં ગુરુદેવે સમયસારની પહેલી ગાથા યાદ કરીને કહ્યું કે–**वंदित्तु सव्व सिद्धे** એમ કહીને અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કારરૂપ મંગળ કર્યું છે. જે જ્ઞાનમાં અનંત સિદ્ધોનો સ્વીકાર થયો તે જ્ઞાન રાગથી છૂટું પડયું ને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવ તરફ વળ્યું; તે અપૂર્વ માંગળિક છે.

આજે આ મંડપમાં માંગળિક થાય છે. ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે પ્રથમ अथ શબ્દ મુક્યો છે તે મંગળ–સૂચક છે. અનાદિકાળથી રાગ–દ્વેષ અજ્ઞાનરૂપ જે મોહવાસના (પરપરિણતિ) હતી તે અમંગળ હતું, તે ભાવને દૂર કરીને હવે આત્મામાં અનંત સિદ્ધોને સ્થાપીને સાધક ભાવ શરૂ થાય છે તે અપૂર્વ મંગળ છે. દર છ મહિના ને આઠ સમયે ૬૦૮ જીવો મોક્ષ પામે છે એમ સર્વજ્ઞદેવે જોયું છે, તે–અનુસાર અત્યાર સુધીના કાળચક્રના પ્રવાહમાં અનંતા સિદ્ધ ભગવંતો થયા; તેમને મારા આત્મામાં સ્થાપું છું એટલે કે તેમને ઓળખીને મારી પર્યાયમાં શુદ્ધાત્માનો આદર કરું છું ને રાગનો આદર છોડું છું; સિદ્ધપદનો આદર કરું છું એટલે કે સ્વભાવસન્મુખ થાઉં છું. હે સિદ્ધ ભગવંતો! મારી જ્ઞાનદશામાં આપ પધારો; આપ મારા જ્ઞાનમાં બિરાજો એટલે અલ્પજ્ઞતા કે રાગ–દ્વેષ મારી પર્યાયમાં નહીં રહે. જ્યાં અનંત સિદ્ધો બિરાજે ત્યાં રાગ–દ્વેષ કેમ હોય? સિદ્ધસ્વરૂપના લક્ષે રાગ ટાળીને હું પણ પરમાત્મા થઈશ, સિદ્ધ પદ પામીશ. આવી ભાવનાથી સિદ્ધને નમસ્કારરૂપ અપૂર્વ મંગળ કર્યું છે.

લોકો એક સાધારણ પુણ્યવંત રાજાનો પણ આદર કરે છે, તો આ સિદ્ધ ભગવાન તો ત્રણ જગતના શ્રેષ્ઠ આત્મવૈભવથી શોભતા રાજા છે, તેનો અપૂર્વ ભાવે આદર કરું

છું. મારા જ્ઞાન આંગણાને ઉજ્વળ કરીને તેમાં ભગવાનને આમંત્રું છું. અનંત સિદ્ધપદ પ્રગટવાની આત્મામાં તાકાત છે–તેનો વિશ્વાસ કરીને આદર કર્યો તે જ મંગળ છે. આત્માનો આવો સ્વભાવ છે તે પ્રતીતમાં લેતાં સુખની પ્રાપ્તિ ને મોહનો નાશ થયો તે મંગળ છે. આ માંગળિક આનંદનું દાતા છે. અનંતા સિદ્ધ થયા તેઓ રાગ વગરના એકલા જ્ઞાનમય છે–તેનો સ્વીકાર કરતાં પોતાના શુદ્ધ સ્વભાવ તરફ ઝુકાવ થાય છે ને રાગ તરફ ઝુકાવ રહેતો નથી. આ જ અપૂર્વ મંગળ છે.

અનંતા સિદ્ધભગવંતોના આદરના બહાને હું મારા પૂર્ણ સ્વભાવને યાદ કરૂં છું; તેનો આદર કરું છું; તેના આદરથી મોહદશાનો નાશ થઈને પરમાત્મદશા પ્રગટ થાઓ.– આ પ્રમાણે મંગળ કર્યું.

વાંકાનેરમાં બે દિવસ દરમિયાન પ્રવચનમાં સમયસાર ગા. ૧૫ મી વંચાણી હતી. તત્ત્વચર્ચા તથા ભક્તિ પણ સરસ થતી હતી. ચૈત્ર સુદ તેરસે મહાવીર ભગવાનનો મંગલ જન્મોત્સવ તેમજ વાંકાનેરના જિનમંદિરમાં વીરપ્રભુની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ આનંદથી ઉજવાયો હતો. સવારમાં જિનમંદિરમાં સમૂહ પૂજા બાદ પ્રવચનમાં શરૂઆતમાં વીરપ્રભુને યાદ કરીને ગુરુદેવે કહ્યું કે –

આજે ભગવાન મહાવીર પરમાત્માનો જન્મ દિવસ છે; અહીં (વાંકાનેર–જિનમંદિરમાં) ભગવાનની વર્ષગાંઠ પણ આજે છે. ભગવાન જન્મ્યા ત્યારે આત્મજ્ઞાન તો સાથે જ હતું; પછી આ છેલ્લા અવતારમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થયા તેમણે પોતાના આત્માને કેવો અનુભવ્યો, અને કેવો ઉપદેશ્યો? તેની વાત આ સમયસારની પંદરમી ગાથામાં છે. આત્માને અનુભવનારું ભાવશ્રુત જ્ઞાન કહો કે જિનશાસન કહો, તેની આ વાત છે. જિનશાસનની એટલે કે આત્માના શુદ્ધ સ્વભાવની કોઈ અચિંત્ય મહિમા છે. વિકલ્પની સાથે એકતા તૂટીને નિર્વિકલ્પ વેદનથી આત્માનો અનુભવ થાય તે જૈનશાસન છે. આવી અનુભૂતિ તે આત્મા જ છે. આત્માનો અનુભવ કરતાં તેમાં સમસ્ત જિનશાસનની અનુભૂતિ આવી ગઈ. શુદ્ધઆત્માને જાણ્યો તેણે ભગવાનના સર્વ ઉપદેશને જાણી લીધો એટલે કે જિનશાસનને જાણી લીધું.

આત્માનો જે સહજ એકરૂપ સ્વભાવ, તે સ્વભાવ તરફ ઝુકેલી પર્યાય, તેમાં સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ છે, ને વિશેષરૂપ ભેદનો તિરોભાવ છે, એટલે કે તે અભેદના અનુભવમાં ભેદ રહેતા નથી. જ્ઞાનની એકતાનો અનુભવ તેને સામાન્યનું પ્રગટપણું કહ્યું. આવા જ્ઞાનની અનુભૂતિ ભગવાને કરી ને જગતને તેવી અનુભૂતિનો ઉપદેશ દીધો. ઇન્દ્રિય

તરફ ઝૂકતું ખંડખંડ રાગવાળું જ્ઞાન, તેમાં આત્માનો પ્રકાશ નથી, આત્મા તો અભેદ–સ્વભાવ તરફ ઝૂકેલી નિર્મળ જ્ઞાનપર્યાયમાં પ્રકાશે છે. આ મહાવીરનો સન્દેશ છે કે અંતર્મુખ જ્ઞાનવડે આત્માને અનુભવો. અંતર્મુખ જ્ઞાનવડે આત્મા જીવે છે, એ રીતે આત્માને જીવાડો. આવું ખરૂં જીવન ભગવાને બતાવ્યું છે. આ સિવાય દેહથી, ખોરાકથી કે રાગથી આત્મા જીવતો નથી. આત્માના જીવન માટે રાગની કે ખોરાકની જરૂર નથી. ચૈતન્યપ્રાણથી સ્વયં આત્મા જીવે છે. આત્માનું આવું જીવન પ્રગટ કરે તેને જ સાચો વીર કહેવાય છે. ‘ખરેખરો એ જ્ઞાયકવીર ગણાય જો.’

રાગ અને ઇન્દ્રિયના મિશ્રણ વિનાના જ્ઞાનની અનુભૂતિ, તેમાં સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ છે. ઇન્દ્રિયો તો ક્યાંય રહી,–જડમાં ગઈ, તે ઇન્દ્રિયો તરફનું જ્ઞાન, તેમાં જે રોકાય તે પણ શુદ્ધઆત્માને જાણી શકતા નથી. ઇન્દ્રિયોથી પાર, રાગથી પાર, અંતર્મુખ જ્ઞાનવડે આત્માને અનુભવવો તે ભગવાન મહાવીરનો માર્ગ છે. આવા અનુભવનું સાધન શું? કે તેનું સાધન થવાની તાકાત પણ તારામાં જ પડી છે; બીજું બહારનું કોઈ સાધન ગોતવું નહીં પડે. ભગવાન આત્મા પોતે રાગપ્રવૃત્તિથી જુદો પડીને જ્ઞાનમાં પ્રવર્તે ત્યારે જ આત્માની સાચી અનુભૂતિ થાય છે ને મિથ્યાત્વ મટે છે. જ્ઞાની તો જ્ઞાનમાં પ્રવર્તતો થકો રાગને પણ જાણે છે, પણ રાગને જાણતાં પોતે રાગમાં તન્મય થઈને વર્તતો નથી. જ્ઞાન સાથે એકાકાર થઈને જ્ઞાનાકારે જ્ઞાન થયું, તેમાં સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કહ્યો. જે વિશેષરૂપ જ્ઞાન છે તે પણ રાગાદિથી જુદું જ છે. રાગથી પાર સ્વસંવેદ્ય આત્મા છે, તેને સ્વાનુભવમાં બીજા કોઈની અપેક્ષા નથી. આવા આત્માનો અનુભવ કર્યો તેના ફળમાં ભગવાનને એવી પરમાત્મદશા પ્રગટ થઈ કે –

**સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,**
**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.**

અહા! અનાદિ સંસારનો અંત આવ્યો ને અપૂર્વ સિદ્ધપદની શરૂઆત થઈ, ઉદયભાવનો સર્વથા અભાવ થયો ને પૂર્ણ ક્ષાયિકભાવનો પ્રારંભ થયો, પારિણામિકભાવ તો સદાય એકરૂપ છે. આવું અપૂર્વ મહિમાવંત કાર્ય જેનાથી પ્રગટયું તે કારણનો મહિમા પણ અપૂર્વ જ હોય ને! રાગ અને ઇન્દ્રિયજ્ઞાન કાંઈ તેનું કારણ ન થઈ શકે.

ધર્મીએ પોતાના આત્માને દેહથી ભિન્ન દેખ્યો છે એટલે બીજા આત્માને પણ બાળક વગેરે દશાપણે નથી દેખતા પણ શુદ્ધવસ્તુપણે દેખે છે. મહાવીર તીર્થંકર જ્યારે

હજી તો બાલવયમાં હતા ત્યારે સંજય–વિજય નામના બે મુનિવરોની સૂક્ષ્મ શંકાઓ તેમને દેખતાં જ દૂર થઈ ગઈ, અને તેમણે તેનું 'સન્મતિનાથ' એવું નામ આપ્યું. અંતરનું ચૈતન્યતત્ત્વ તેને દેખતાં શંકાઓ મટી જાય છે. તીર્થંકરના આત્માનો કોઈ અચિંત્ય મહિમા છે. આવા તીર્થંકર પરમાત્માના જન્મકલ્યાણકનો આજે મંગલ દિવસ છે. ભગવાન મહાવીર વૈશાલીના કુંડગ્રામમાં (જે હાલ મુજફરનગર જિલ્લામાં આવેલું છે ત્યાં) જન્મ્યા હતા. અને જન્મીને ભાવશ્રુતજ્ઞાનના બળવડે કેવળજ્ઞાનને સાધ્યું.

અહો! ધર્મી સાધકજીવ મતિશ્રુતજ્ઞાનવડે કેવળજ્ઞાનને બોલાવે છે. કેવળજ્ઞાનને ભાવશ્રુતવડે નજીક લાવે છે. ભાવશ્રુતજ્ઞાનમાં શુદ્ધ આત્માને અનુભવમાં લીધો ત્યાં કેવળજ્ઞાન થાય થાય ને થાય જ! પરજ્ઞેયોમાં જેનું જ્ઞાન આસક્ત છે તેને આવું ભાવશ્રુતજ્ઞાન અનુભવમાં આવતું નથી. ભાવશ્રુત તો શાસ્ત્રથી પણ પાર છે. શાસ્ત્રનું શ્રવણ તે કાનનો વિષય છે, તેના વડે આત્માનો અનુભવ કેમ થાય? પરજ્ઞેયના અવલંબને સ્વજ્ઞેય કેમ પકડાય પરજ્ઞેયમાં જે આસક્ત છે એટલે કે પરજ્ઞેય તરફના ઝુકાવમાં કિંચિત્ લાભબુદ્ધિ છે તે જીવ સ્વજ્ઞેયમાં આસક્ત નથી, એટલે તેને સ્વજ્ઞેય એવા શુદ્ધાત્માના અનુભવરૂપ ભાવશ્રુત પ્રગટતું નથી. અહીં તો ભાવશ્રુતવડે આત્માને પકડીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વાત છે. જેણે જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિવડે સમ્યગ્દર્શન કર્યું તે જીવ વીરપ્રભુના માર્ગમાં ચાલ્યો, તે જિનેશ્વરદેવનો લઘુનંદન થયો.

સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે તું અમારા તરફ નહીં પણ તારા આત્મા તરફ ઝુક! તારા જ્ઞાનને આત્મા તરફ વાળીને સ્વજ્ઞેયમાં એકાગ્ર થા. આવું તો વીતરાગ જ કહી શકે. અમારી સામે જો–એમ ભગવાન નથી કહેતા; અમારી સામે નહીં પણ તારા પોતાના આત્મા સામે જો તો તારો ઉદ્ધાર થશે–એમ વીતરાગ પરમાત્મા કહે છે. અહો! વીતરાગનો સ્વસન્મુખ માર્ગ કોઈ અલૌકિક છે.

જ્ઞાની તો રાગાદિ પરભાવોને જાણતાં પણ પોતે જ્ઞાનરૂપે જ પોતાને અનુભવે છે; રાગને જાણતાં તે પોતાને એમ નથી અનુભવતો કે હું રાગ છું, પણ એમ અનુભવે કે રાગને જાણનારો હું રાગથી જુદો જ્ઞાનરૂપ છું.–આવી જે પરભાવોથી ભિન્ન શુદ્ધ જ્ઞાનની અનુભૂતિ તે જૈનધર્મ છે.

ભાવશ્રુતપર્યાયને આત્મા કહ્યો. જ્ઞાનની સ્વસન્મુખ અનુભૂતિ તે શુદ્ધાત્માની અનુભૂતિ છે, અને તે પોતે આત્મા જ છે. અનુભૂતિથી જુદો આત્મા નથી. આત્માની

આવી અનુભૂતિ કરતાં વીતરાગભાવ થાય તે ધર્મ છે; અને જિનશાસનમાં દેવ–ગુરુએ આવી અનુભૂતિ કરવાનો ઉપદેશ આપ્યો છે.

[ વાંકાનેરમાં ચૈત્ર સુદ ૧૩ ના સવારના પ્રવચન પછી જન્મજયંતિના હર્ષોપલક્ષમાં મહાવીર ભગવાનની રથયાત્રા નીકળી હતી. રથયાત્રા આનંદપૂર્વક નગરીમાં ફરી હતી; બરાબર એ જ વખતે શ્વેતાંબર ભાઈઓની પણ રથયાત્રા નીકળી હતી. માત્ર પચાસ પગલાના અંતરે બંને રથયાત્રા એકસાથે નગરીમાં ફરી હતી, ને સર્વત્ર મહાવીરપ્રભુના જયકાર ગાજતા હતા. અહીં મુમુક્ષુ ભાઈ–બહેનો 'જ્ઞાનધામની મુલાકાતે પણ ગયા હતા. વાંકાનેર એ પૂ. બેનશ્રી ચંપાબેનના આત્મજ્ઞાનનું ધામ છે. ચૈત્ર સુદ ૧૪ ની સવારમાં જિનમંદિરમાં વીરનાથની ભક્તિ ગવડાવીને ગુરુદેવે વાંકાનેરથી લાઠી શહેર તરફ પ્રસ્થાન કર્યું. )

*****

## એક યુવાન ભાઈ !

ગુજરાતમાં પ્રવાસ વખતે એક યુવાન ભાઈ મળ્યા...સંપ્રદાયથી જૈન હતા. વાતચીતમાં પૂછયું–કદી સૌરાષ્ટ્રમાં આવ્યા છો ? તો કહે...હા, દર વર્ષે ચૈત્ર સુદ પૂનમે આવું છું. શું કામ ? કે ત્યાં શત્રુંજયની પાસે ભૂરખીયા હનુમાન છે ત્યાં દર્શન કરવા દર વર્ષે આવું છું મને એની શ્રદ્ધા છે ! અરે મૂરખ ભાઈ ! અરિહંત ભગવાન જેવા પરમ દેવ તારા જ ગામમાં જિનમંદિરમાં બિરાજે છે,– તેમની શ્રદ્ધાથી તને સંતોષ નથી ? અને તારે ભૂરખીયા હનુમાનને પૂજવા જવું પડે છે ? વળી ત્યાં બાજુમાં શત્રુંજય જેવું સુપ્રસિદ્ધ સિદ્ધક્ષેત્ર હોવા છતાં તેના દર્શનની ભાવના કેમ નથી જાગતી ? શું એક જૈનયુવાનને આ શોભે છે ? જૈનના બચ્ચે–બચ્ચાના હૃદયમાં એમ હોવું જોઈએ કે –

**અરિહંત મારા દેવ છે, સાચા એ વીતરાગ છે;**

**જગતને એ જાણે છે, મુક્તિમાર્ગ બતાવે છે.**

આવા અરિહંતદેવ સિવાય બીજા દેવને જૈન કદી અંતરમાં લાવે નહીં. આવા જૈનત્વના સંસ્કાર માટે ઘર–ઘરમાં પ્રચાર કરવા યોગ્ય પુસ્તક "જૈન બાળપોથી" ( બીજો ભાગ ) છે. તેની એક લાખ પ્રતના ઝડપી ફેલાવા માટે આપ સહકાર આપો.

# અમરેલી શહેરમાં દિ. જિનમંદિરનું શિલાન્યાસ

*****

અમરેલી શહેરમાં તા. ૨૪–૪–૭૦ ચૈત્રવદ ત્રીજના રોજ પૂ. ગુરુદેવની મંગલ છત્રછાયામાં શેઠશ્રી નરભેરામ હંસરાજ કામાણી તથા હેમકુંવરબેન કામાણીના સુહસ્તે દિગંબર જિનમંદિરનું શિલાન્યાસ થયું; અમરેલીના ભક્તોની ઘણા વખતથી જિનમંદિર માટે ભાવના હતી તે સફળ થઈ.

અમરેલી તે પૂ. બહેન શાન્તાબેનનું વતન છે. ગુરુદેવ સાવરકુંડલા ચારદિવસ પધાર્યા; ને સાવરકુંડલાથી અમરેલી પચીસ માઈલ જ છે. તેથી આ પ્રસંગે પૂ. ગુરુદેવની મંગલછાયામાં જિનમંદિરનું શિલાન્યાસ કરી લેવાની પ્રેરણા થઈ. તે અનુસાર રાજકોટના ડો. પ્રવીણભાઈ દોશી વગેરેએ સતત પરિશ્રમપૂર્વક ટૂંકા વખતમાં શિલાન્યાસ માટે ઝડપી તૈયારી કરી. ગુરુદેવને વિનંતિ કરતાં તેમણે પણ અમરેલી આવવાનું સ્વીકાર્યું. ગુરુદેવ તા. ૨૪ ની સવારમાં અમરેલી પધાર્યા. પૂ. બેનશ્રી–બેન (ચંપાબેન શાંતાબેન) પણ આગલા દિવસે આવી ગયા હતા ને જિનમંદિરના સ્થાને મંગલભક્તિ કરાવી હતી. અમરેલીના ટાવરની સામે જ જિનમંદિરની જગ્યા છે. ગુરુદેવ પધારતાં સેંકડો મુમુક્ષુઓના ઉલ્લાસ અને ભક્તિના વાતાવરણ વચ્ચે જિનમંદિરના શિલાન્યાસની વિધિ થઈ. બહારગામના સોએક મુમુક્ષુ ભાઈ–બહેનો ઉપરાંત સ્થાનિક ઘણા મુમુક્ષુઓ પણ ઉપસ્થિત હતા. આ પ્રસંગે શિલાન્યાસની ખુશાલીમાં શેઠશ્રી નરભેરામ હંસરાજ કામાણી તરફથી રૂા. ૫૦૦૧/– પાંચહજારને એક જાહેર કરવામાં આવ્યા હતા; કુલ એકવીસ હજારનું ફંડ થયું હતું. આ અગાઉ જિનમંદિર માટે લગભગ રૂા. વીસ હજારની કિંમતનું મકાન ડો. પ્રવીણભાઈ દોશીએ અર્પણ કર્યું હતું તેમજ કામાણી પરિવાર, ખારા–પરિવાર અને અન્ય મુમુક્ષુઓ તરફથી રૂા. બાવન હજાર ઉપરાંતની રકમો જિનમંદિર માટે જાહેર થઈ હતી. એક નાનકડા બાળકે (જે બાલવિભાગનો સભ્ય છે–તેણે પણ પોતાની નાની બચતમાંથી ૧૦૧/–રૂા. ઉત્સાહપૂર્વક આપ્યા હતા.

શિલાન્યાસ પછી પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં શેઠશ્રી નરભેરામભાઈ એ કહ્યું હતું કે–આજે આ અમરેલીમાં જિનમંદિરનું શિલાન્યાસ કુદરતી મારા હાથે થયું

તે મારા મહાન ભાગ્ય છે. સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે જિનમંદિરો થઈ ગયા પણ અમરેલીમાં થયું ન હતું તેથી કેટલાકને મનમાં દુઃખ હતું પણ આજે હવે તે કામ શરૂ થાય છે તે આનંદની વાત છે. જ્યારે જ્યારે હું મુંબઈથી દેશમાં આવું છું ત્યારે ત્યારે પૂજ્ય મહારાજશ્રીના દર્શનનો લાભ લઉં છું; ને મારે ઘેરથી ( શ્રી હેમકુંવરબેન ) સોનગઢ કાયમ મકાન લઈને દરવર્ષે ચાર છ માસ ત્યાં રહીને સત્સંગનો લાભ લ્યે છે, તેથી અમારા પરિવારને પણ અવારનવાર ત્યાં આવવાનો લાભ મળે છે. અમરેલીમાં ઘણા વખતથી જિનમંદિર કરવાની કેટલાકને ઊંડી ભાવના હતી તે ગુરુદેવ પ્રતાપે આજે પૂરી થાય છે, તેમાં ખાસ કરીને ડો. પ્રવિણભાઈએ ઉદારતા પૂર્વક તેમનું મકાન ( વીસહજારની કિંમતનું ) આપીને આ કામ સરળ બનાવી દીધું. આવા કાર્યમાં પૈસાનો તૂટો પડતો નથી. હું રાજકોટ ગુરુદેવના દર્શને આવ્યો ને શિલાન્યાસ માટે વાત થઈ, મેં હોંશથી સ્વીકાર કર્યો. આજે આ મંદિરનું શિલાન્યાસ થતાં મને, મારા કુટુંબને તથા અમરેલીના સર્વે મુમુક્ષુઓને આનંદ થાય છે. તથા આ પ્રસંગની ખુશાલીમાં અમારા તરફથી રૂા. ૫૦૦૧/– ( અગાઉ જાહેર કરેલા પચીસ હજાર ઉપરાંત ) અર્પણ કરવામાં આવે છે.

આ પ્રસંગે મંગલ પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે જેનાથી આત્માનું સુખ મળે ને ચારગતિના દુઃખ ટળે તે મંગળ છે, દેહાદિ નાશવાન છે ને આત્મા અવિનાશી છે. પુણ્ય–પાપ કે બહારની કીર્તિ વગેરે હું નથી, હું તો સ્ફટિક જેવો નિર્મળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું.– આ પ્રમાણે જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માના શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક જે નિર્મળ ભાવ પ્રગટે તે મંગળ છે. જીવ અજ્ઞાનથી ચાર ગતિમાં દુઃખી છે; આત્માને ઓળખીને તેના શરણે જતાં દુઃખ ટળે ને સુખ મળે તે અપૂર્વ મંગળ છે. તેના નિમિત્તરૂપ જિનેન્દ્રભગવાનની પ્રતિષ્ઠા છે. ભગવાન જેવો પોતાનો આત્મા છે તેને ઓળખીને શ્રદ્ધામાં–જ્ઞાનમાં સ્થાપવો તે ભગવાનની પરમાર્થ પ્રતિષ્ઠા છે, ને તે મહાન મંગળ છે.

આમ મંગળપૂર્વક ઉલ્લાસથી અમરેલીમાં દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું. આ મંગલ કાર્ય માટે અમરેલીના મુમુક્ષુઓને અભિનંદન !

[ શિલાન્યાસ બાદ ગુરુદેવ પુનઃ સાવરકુંડલા પધાર્યા હતા; કેટલાક બહેનો અમરેલીથી ઢસા ( ગોપાલદાસ દરબારનું ગામ જ્યાં પૂ. શાન્તાબેનનો જન્મ થયેલ છે તે ) જોવા ગયા હતા. ]

# જેવો સંસારનો પ્રેમ છે તેવો આત્માનો પ્રેમ પ્રગટ કર, તો ભવનો અંત આવે

*

**[ વાંકાનેરથી પૂ. ગુરુદેવ ચૈત્રસુદ ૧૪ તથા ૧૫ના રોજ બે દિવસ લાઠી શહેર પધાર્યા હતા. લાઠીનું રાજકુટુંબ પહેલેથી ગુરુદેવ પ્રત્યે આદર ધરાવે છે. લાઠીના દરબારશ્રી કરુણરસના રાજકવિ કલાપિના પ્રપૌત્ર ગુરુદેવના પ્રવચનમાં આવ્યા હતા. ગુરુદેવે લાઠી મુમુક્ષુ મંડળને સ્વાધ્યાય વગેરેમાં રસ લેવા માટે પ્રેરણા આપી હતી. પ્રવચનમાં સમયસારની ગા. ૭૩ મી વંચાણી હતી. )**

દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છે તેની આ વાત છે. આસ્રવ એટલે કે પુણ્ય–પાપમાં એકત્વબુદ્ધિરૂપ અજ્ઞાનભાવ તે જીવને દુઃખદાયક છે; પ્રભો ! તે આસ્રવની પ્રવૃત્તિથી આત્મા કેમ છૂટે ? એટલે આત્માનું દુઃખ કેમ છૂટે ? એમ શિષ્ય જિજ્ઞાસાથી પૂછે છે. તેને આચાર્યદેવ આ સમયસારમાં આસ્રવોથી છૂટવાની રીત બતાવે છે. આસ્રવ અને આત્મા ભિન્ન છે, એટલે કે ક્રોધ અને જ્ઞાન ભિન્ન છે–એવા ભેદજ્ઞાનવડે બંનેને જ્યારે ભિન્નસ્વરૂપે ઓળખે છે ત્યારે જીવ જ્ઞાનમાં જ પોતાપણે વર્તે છે અને ક્રોધાદિ પરભાવોને જુદા જાણીને તેનાથી તે નિવર્તે છે. આ રીતે ભેદજ્ઞાનવડે આત્મા આસ્રવોથી છૂટે છે ને તેને સંવરધર્મ પ્રગટે છે.

હું આત્મા પોતે કોણ છું ? તેને ઓળખવાની મહેનત જીવે કદી કરી નથી. પોતે પોતાને ભૂલીને હું દેશનું કંઈક કરી દઉં, હું નાતનું કે કુટુંબનું–ગામનું કાંઈક કરી દઉં એવી મિથ્યાબુદ્ધિથી ચારગતિના વંટોળિયામાં ચડયો છે,–ઘડીકમાં આ ગતિમાં ને ઘડીકમાં બીજી ગતિમાં, એમ સ્વર્ગ–નરકના અનંત અવતાર જીવે કર્યા પણ આત્માના જ્ઞાન વગર ક્યાંય જરાય શાંતિ ન પામ્યો. હવે અહીં તો જે જીવ આવા દુઃખ અને ભવભ્રમણથી છૂટવા માટે પ્રશ્ન પૂછે છે એવા જીવની વાત છે. તે જીવને એટલું તો લક્ષ થયું છે કે આ શુભાશુભ–આસ્રવભાવોમાં મને શાંતિ નથી એટલે તે છોડવા જેવો તો છે જ. રાગ વગરનું મારું સ્વરૂપ સમજ્યા વગર હું સંસારમાં દુઃખી થયો, પાપ કરીને તો દુઃખી થયો, ને પુણ્ય કરીને પણ દુઃખી જ થયો. તે બંનેથી પાર મારું ચિદાનંદ સ્વરૂપ હું જાણું તો મને સુખ પ્રગટે ને દુઃખ ટળે.

**( અનુસંધાન પૃ. ૩૩ ઉપર )**

# કારંજાનો અધ્યાત્મ કાર્યક્રમ

આકોલાથી વચ્ચે મૂર્તિજાપુર થઈને માહ વદ ૭ ના રોજ કારંજા આવ્યા. ઉમંગભર્યું ભવ્ય સ્વાગત થયું. અહીં આકોલા કારંજા વગેરેમાં સ્વાગત સરઘસ વખતે પહેલાં બહેનો ને પછી ભાઈઓ ચાલે એવી પદ્ધત્તિ હતી. કારંજા ત્રીસેક હજારની વસ્તીમાં જૈનસમાજના ૧૫૦ જેટલા ઘર, છતાં સ્વાગતમાં ને પ્રવચનમાં બે–અઢી હજાર માણસો થતા હતા. મુખ્ય વસ્તી દિગંબર જૈનોની છે. ગામમાં ત્રણ સુંદર જિનમંદિરો છે, તથા ગામથી બે માઈલ દૂર મહાવીર બ્રહ્મચર્યાશ્રમમાં એક સુંદર જિનાલય–માનસ્તંભ સહિત છે. એક મંદિરમાં અનેકવિધ રત્નોનાં તથા સુવર્ણ વગેરેનાં સુંદર પ્રતિમાઓ બિરાજે છે; તેમનાં દર્શન કરતાં આનંદ થતો હતો.

જિનમંદિરોનાં દર્શન કરતાં કરતાં સ્વાગત–જુલૂસ ભટ્ટારકજીના જિનમંદિરે આવ્યું; જિનમંદિરનો વિશાળ ચોક ખીચોખીચ ભરાઈ ગયો. મંગલ પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું–આત્મા સત્ ચૈતન્ય આનંદમય શાશ્વત વસ્તુ છે. આવા આત્મસ્વભાવની સન્મુખ થઈને શરીરાદિથી તથા રાગાદિ વિભાવોથી વિમુખ થવું તે માંગળિક છે. અનાદિકાળમાં ન મળેલી એવી અપૂર્વ આત્મશાંતિ જેનાથી મલે તે મંગળ છે. અંતરમાં આત્મા પવિત્રસ્વભાવી ભગવાન છે, તેની પાસે જતાં જે સુખની પ્રાપ્તિ થાય તે મંગળ છે. લોકોમાં પુત્રજન્મ, વિવાહ, લક્ષ્મીની પ્રાપ્તિ વગેરેને મંગળ કહેવાય છે, પણ એ કાંઈ વાસ્તવિક મંગળ નથી. વાસ્તવિક મંગળ તો ભગવાન આત્માના સ્વભાવમાં વાસ કરીને અવિનાશી સુખની પ્રાપ્તિ થાય, ને મમકારરૂપ પાપ ગળે, તે સાચું મંગળ છે; તેમાં અંતરના આનંદસમુદ્રમાંથી શાંતિનો સ્રોત વહે છે. આવું મંગળ જીવે કદી નથી કર્યું, આત્મજ્ઞાન વગર અનંતવાર ત્યાગી થઈને મુનિવ્રત પાળ્યાં, પણ તે શુભથી ધર્મ માનીને આકુળતાનું જ વેદન કર્યું, આકુળતા વગરનો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે તેનું વેદન કદી ન કર્યું; તેની ઓળખાણ પણ ન કરી. આત્મા પોતે આનંદસ્વરૂપ છે, તેના જ્ઞાનથી આનંદની પ્રાપ્તિ થાય છે, તે જ મંગળ છે. આઠ વર્ષનો બાળક પણ આત્માના ભાન વડે આવું મંગળ પ્રગટ કરીને કેવળજ્ઞાન પામે છે.

**સ્વાગત વખતે, પ્રવચન વખતે તેમજ હરેક પ્રસંગે અહીંના સમાજની શિસ્તબદ્ધતા ખરેખર પ્રશંસનીય છે. અહીંના સમાજનો મોટો ભાગ (બહેનો પણ) શાસ્ત્રનો અભ્યાસ ધરાવે છે ને શાસ્ત્રસભામાં સૌ ભાગ લે છે.**

**સ્વાગત–પ્રવચનમાં શ્રી અભયકુમારજી ચવરે એ કહ્યું** के–सौराष्ट्रके आध्यात्मिक सत्पुरुष श्री कानजीस्वामीजीका परिचय भारतके हर कोनेमें रहनेवाले अध्यात्मप्रेमी जैनोंको है। समयसार पढनेके बाद आपकी सत्यशोधक वृत्तिको आनंद हो सका। इस महान ग्रंथराजसे स्वामीजीने शाश्वतसुखका मार्ग पाया; और प्रभावक प्रवचनों द्वारा शाश्वतसुखके मार्गको सारे जैनसमाजके सामने समीचीन दृष्टिसे रखा। आपकी समीचीन ज्ञानदृष्टि सारे समाजके लिये भारी उपकार कर रही है।

इस अवसर पर 'आत्मख्याति ग्रंथकी सर्वप्रथम छपाई कारंजा शहरमें हुई थी' इस बातका स्मरण होने पर हर्ष होता है। यह पू. आचार्य श्री अमृतचन्द्रजीकी समयसार पर लिखी हुई संस्कृत टीका है। इस टीकामें शुद्ध अध्यात्मकी चर्चा है।

आज आपके शुभदर्शनका, व शुद्धदृष्टि प्रदान करनेवाले प्रवचनोंका लाभ हम कारंजावासी भाई–बहनोंको मिल रहा है यह हमारे सौभाग्यकी बात है। अतः बडे ही हर्ष भरे दिलसे हम आपका स्वागत करते है।

**સંઘનો ઉતારો મહાવીર બ્રહ્મચર્યાશ્રમમાં હતો. શહેરથી બે માઈલ દૂર વિશાળ શાંત સ્થળમાં આ આશ્રમ આવેલો છે. વ્યવસ્થા ઘણી સારી છે; સો ઉપરાંત બાળકો સાદાઈ ભરેલા જીવન સાથે ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત કરે છે. આશ્રમના એક મોટા હોલમાં મોટા સમ્મેદશિખર પર્વતની સ્થાપના છે; જિનમંદિરમાં બે ખડ્ગાસન સુંદર પ્રતિમા છે; અને ભંડકમાં વિવિધ રત્ન મણિના તેમજ સુવર્ણના કુલ ૨૦ જેટલા પ્રતિમાજી બિરાજે છે. આ ઉત્તમ પ્રતિમાઓ ગુલબર્ગ પાસે અકલંક સ્વામીની જન્મભૂમિ માન્યખેટપુર (જેને હાલ મલખેડ કહે છે) ત્યાંના એક પ્રાચીન મંદિરના ખંડેરના ભંડકમાંથી ઈ. સ. ૧૯૩૯ માં સમંતભદ્રજી મહારાજને પ્રાપ્ત થયા હતા ને તેમણે આ કારંજા આશ્રમમાં બિરાજમાન કરેલ છે. આ આશ્રમના બાળકો સમક્ષ ગુરુદેવે પા કલાક ધાર્મિક વાતચીત કરી હતી. અહીંની બીજી સંસ્થા કંકુભાઈ શ્રાવિકાશ્રમ છે, ત્યાં પણ ગુરુદેવ પધાર્યા હતા. આ આશ્રમ દ્વારા પણ બાળકોમાં ઉત્તમ સંસ્કારો અપાય છે.**

બપોરે સમયસારની ૧૧ મી ગાથા ઉપર પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું કે આ ગાથામાં જૈન સિદ્ધાંતનું રહસ્ય છે. કુંદકુંદ આચાર્યદેવ આ ભરતભૂમિમાં બે હજાર વર્ષ પહેલાં થયા; તેઓ મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂર (સોનાનો ડુંગર) પર રહેતા હતા ને ધ્યાન કરતા હતા. તેઓ અહીંથી વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પાસે જઈને આઠ દિવસ રહ્યા હતા અને ભગવાનની વાણી સાંભળીને આ ભરતક્ષેત્રમાં આવ્યા. આત્માનો ઘણો અનુભવ તેમને હતો. એવા આચાર્ય ભગવાને આ સમયસાર વગેરે શાસ્ત્રો રચ્યાં છે. શુદ્ધાત્માનું અલૌકિક વર્ણન તેમાં છે. આ રીતે સિદ્ધાન્તની ઉત્પત્તિ કેમ થઈ તે બતાવ્યું.

આત્માનું સાચું સ્વરૂપ શું છે? તે જાણીને તેનો અનુભવ કરવો તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે. જેટલા વ્યવહારના વિકલ્પો છે તે અભૂતાર્થ છે; ગુણ–ગુણી ભેદના વિકલ્પરૂપ વ્યવહાર તે પણ ભૂતાર્થઆત્મા નથી, તેના વડે આત્મા અનુભવમાં આવતો નથી. શુભરાગ તે આત્માના ચેતનસ્વભાવમાં અસદ્‌ભુત છે. એકલા રાગ તરફ ઝુકેલું જ્ઞાન તે પણ સાચું જ્ઞાન નથી. એકલો ચિદાનંદ સ્વભાવ રાગથી પાર છે, તે સ્વભાવના આશ્રયથી જ સમ્યક્ શ્રદ્ધા થાય છે. જાતિસ્મરણ કે દુઃખ–વેદના વગેરે કારણોથી સમ્યક્ત્વ થવાનું કહેવું તે વ્યવહાર છે, ખરેખર જ્યારે અંતરમાં એકરૂપ આત્માનું અવલંબન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે જ બીજા બધા કારણોને વ્યવહારકારણ કહેવાય છે; એ સિવાયના એકલા વ્યવહારકારણોથી કોઈને સમ્યગ્દર્શન થતું નથી.

પર્યાયને ગૌણ કરી છે, પણ તે આત્મામાં છે જ નહીં–એમ નથી; સર્વથા પર્યાય ન હોય તો એકાંત વેદાંત જેવું થઈ જાય. પર્યાય છે, પણ શુદ્ધાત્માના અનુભવમાં પર્યાયનો ભેદ નથી. વ્યવહાર છોડવો એટલે કાંઈ પર્યાયને છોડી દેવી એમ નથી, પણ અભેદસ્વભાવનો આશ્રય કરીને ભેદનો આશ્રય છોડવો, તે સમ્યગ્દર્શન છે, તેમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે.

સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર આત્માના મુખ્ય ગુણ છે. જેમ અગ્નિમાં પાચક, પ્રકાશક અને દાહક એવી ત્રણ શક્તિ છે; પાચકશક્તિ અનાજને પકાવે છે, પ્રકાશક શક્તિ પ્રકાશ આપે છે ને દાહકશક્તિ લાકડા વગેરેને બાળે છે; તેમ આત્માની શ્રદ્ધાશક્તિ આખા શુદ્ધઆત્માને ભૂતાર્થદ્રષ્ટિમાં પચાવે છે એટલે કે શ્રદ્ધામાં સ્વીકાર કરે છે; પ્રકાશક એવી જ્ઞાનશક્તિથી તે સ્વ–પરને પ્રકાશે છે; તથા દાહકરૂપ ચારિત્રશક્તિવડે આઠ કર્મોને તેમજ રાગાદિ પરભાવોને બાળીને નષ્ટ કરે છે. આવા સ્વભાવવાળો આત્મા છે. તે આત્માને શુદ્ધનય વડે ઓળખે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

જન્મ–મરણથી જેને બહાર નીકળવું હોય તેની આ વાત છે. જેનું હૃદય વ્યવહારમાં જ મોહિત છે તે પોતાના એકરૂપ શુદ્ધાત્માને નથી દેખતો, પણ અનેકરૂપ એવા રાગાદિ પરભાવોને જ દેખે છે; તે જીવોને આત્માનું સમ્યગ્દર્શન થતું નથી અને જન્મમરણથી છૂટતા નથી. જો અંતરમાં દ્રષ્ટિ કરીને આત્માના અસલી સ્વભાવને દેખે તો સાતમી નરકનો નારકી પણ સમ્યગ્દર્શન પામી શકે છે. એવું સમ્યગ્દર્શન પામેલા અસંખ્યાત જીવો ત્યાં છે. અને જો આવા આત્માની શ્રદ્ધા ન કરે તો ભગવાનના સમવસરણમાં બેઠેલો જીવ પણ સમ્યગ્દર્શન પામતો નથી ને મિથ્યાદ્રષ્ટિ જ રહે છે.–બહારનો સંયોગ શું કરે? અંતરમાં ભૂતાર્થ સ્વભાવ છે તેને ન પકડે ને પરભાવને જ પકડે તો તે જીવ અભૂતાર્થ એવા વ્યવહારમાં મગ્ન છે. એકક્ષણ પણ વ્યવહારનો પક્ષ છોડીને અંતરમાં રાગથી પાર ચિદાનંદ સ્વભાવને પકડે તો સમ્યગ્દર્શન થાય, ને જન્મ–મરણનો અંત આવે.

ચારગતિના દુઃખોથી છૂટીને આનંદધામ એવા નિજનગરમાં પ્રવેશ કરવાનો આ અવસર છે; તેમાં હે જીવ! તું પ્રમાદી થઈશ મા.

કારંજામાં રાત્રે તત્ત્વચર્ચા પણ સારી ચાલતી હતી. બે દિવસનો કાર્યક્રમ પૂરો થતાં માહ વદ ૯ ની સવારે જિનેન્દ્રદેવના દર્શન કરીને કારંજાથી શિરપુર (અંતરીક્ષ પાર્શ્વનાથ) તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે બાસીમ ગામથી ત્રણ માઈલ પહેલાં અનસિંગ નામના એક ગામમાં ત્યાંનાં પદ્મપ્રભ વિદ્યાલયના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું અને ત્યાં સ્વાધ્યાય મંદિરની શરૂઆત માટે ગુરુદેવના આશીર્વાદ માંગ્યા; 'ૐ સહજ ચિદાનંદ' એવા મંગલસૂચક હસ્તાક્ષરપૂર્વક ગુરુદેવે કહ્યું કે આત્મા પોતે જ્ઞાનવિદ્યાસ્વરૂપ છે; તેને ભૂલીને શરીરને કે રાગાદિ પરભાવોને પોતાના માનવા તે અવિદ્યા છે અને નિજભાવને ઓળખવો તે સમ્યક્વિદ્યા છે, આવી વિદ્યા તે મોક્ષનું કારણ છે.

## એકત્વનો આનંદ જંગલમાં એકલા કેમ ગોઠે?

મુનિઓને વનમાં એકલા એકલા કેમ ગોઠતું હશે?–તો કહે છે કે અહો! એ એકલા નથી, અંતરમાં અનંત ગુણોનો એમને સાથ છે. બહારનો સંગ છોડીને અંતરમાં આત્માના અનંત ગુણો સાથે ગોષ્ઠી કરી તેમાં અપૂર્વ આનંદ છે, તો કેમ ન ગોઠે? આનંદમાં કોને ન ગોઠે? આત્માના અનંત ગુણો સાથે ગોષ્ઠી કરતા તેમાં અનંત આનંદ છે.

# આત્માની વાત સૂક્ષ્મ છે - પણ સમજી શકાય તેવી છે

[ રાજકોટ શહેરમાં ગુરુદેવ ૧૫ દિવસ રહ્યા, તે વખતના પ્રવચનોમાંથી કેટલોક ભાગ ગતાંકમાં આપ્યો હતો; વિશેષ અહીં આપવામાં આવ્યો છે. )

આત્માના સ્વભાવની આ વાત સૂક્ષ્મ છે; સૂક્ષ્મ છે પણ ન સમજાય એવી નથી; જિજ્ઞાસાથી સમજવા માંગે તેને સમજાય તેવી છે, અને આ સમજવાથી પરમ હિત છે. આત્માની સમજણ વગર બીજી કોઈ રીતે હિત નથી. અહા, કેવળજ્ઞાની થઈને લોકાલોકને જાણવાની જેની તાકાત, તે એમ કહે કે મારા સ્વરૂપની વાત મને ન સમજાય–એ તે કાંઈ એને શોભે છે? પોતે પોતાના સ્વરૂપની વાત કેમ ન સમજી શકે? અંતરમાં દ્રષ્ટિ કરતાં પોતાનું સ્વરૂપ પોતાને સાક્ષાત્ સમજવામાં આવે છે, ને સાક્ષાત્ અનુભવ થાય એવી આ વસ્તુ છે. સમજ્યા વગર એમ ને એમ માની લેવાની વાત નથી, પણ જાતે સમજીને અનુભવી શકાય એવી આ વાત છે. પોતાના સ્વાનુભવથી પ્રમાણ કરવાનું આચાર્ય દેવે કહ્યું છે.

આ જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન બિરાજે છે; તેમાં દરેક આત્મા ચૈતન્યમૂર્તિ આનંદ ધામ છે; વિકારરૂપે થવું તે તેનો સ્વભાવ નથી; પવિત્રપણે પરિણમવું તે એનો સ્વભાવ છે. આવા સ્વભાવને ભૂલીને અજ્ઞાની રાગાદિભાવોના કર્તાભોક્તાપણે પરિણમે છે. સમકિતી પોતાના નિર્મળ જ્ઞાનભાવરૂપે પરિણમે છે; રાગાદિ ભાવોનું જે પરિણમન છે તેના સ્વામીપણે કે તેમાં તદ્રૂપ થઈને ધર્મી પરિણમતો નથી. નિર્મળ પરિણતિ થઈ તેને શુદ્ધઉપયોગ અથવા શુદ્ધઉપાદાન કહેવાય, તેમાં રાગાદિ અશુદ્ધભાવોનું કર્તાપણું નથી. પોતાના આત્માને જ્ઞાનરૂપ જાણ્યો–અનુભવ્યો તે જીવ જ્ઞાનથી વિરુદ્ધ ભાવોને પોતારૂપે કેમ અનુભવે? અને પોતાથી જેને ભિન્ન જાણ્યાં તેનો કર્તા–ભોક્તા તે કેમ થાય? જેમ આંખ પોતાથી ભિન્ન દ્રશ્યવસ્તુની કર્તા–ભોક્તા નથી, માત્ર દેખનાર જ છે, તેમ ધર્મીનાં જ્ઞાનચક્ષુ પોતાથી ભિન્ન સર્વ ભાવોને કરતું–ભોગવતું નથી, માત્ર જાણે જ છે, એટલે કે શુદ્ધ જ્ઞાનભાવરૂપ જ રહે છે. આવું જ્ઞાનભાવરૂપ પરિણમન તે જ મોક્ષનો માર્ગ.

પાપ કે પુણ્યમાં તન્મયપણે પરિણમવું તે તો મિથ્યાત્વ છે, તે અજ્ઞાનીનું પરિણમન છે. ધર્મીએ વસ્તુસ્વભાવને જાણ્યો એટલે કે જ્ઞાનસ્વભાવરૂપ સ્વધર્મને જાણ્યો ત્યાં શુદ્ધતારૂપ પરિણમન થયું, તે સુખરૂપ પરિણમન છે, તે આનંદરૂપ છે, તે જ્ઞાન–

રૂપ છે, આવું જે પરિણમન થયું તેમાં રાગાદિ કોઈ ભાવો નથી; તે રાગાદિ ભાવોમાં ચેતનપણું નથી. આવા જ્ઞાનપરિણમનને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે; તે જ ધર્મ છે.

આનંદરસનું ધામ આત્મા તેની સન્મુખ થઈને તેનું વેદન કરવું તે શાસ્ત્રનું તાત્પર્ય છે.

આત્મામાં બે સ્વભાવ–એક ધ્રુવભાવ; બીજો ક્ષણિક ભાવ; તેમાં ધ્રુવભાવ જે ત્રિકાળ એકરૂપ છે તેને જોતાં બંધ–મોક્ષ નથી; બંધન ટાળવું ને મોક્ષદશા પ્રગટ કરવી એવા ભેદ ધ્રુવમાં નથી. એટલે પારિણામિક ભાવરૂપ જે ધ્રુવ છે તે બંધ–મોક્ષરૂપ નથી, બંધ–મોક્ષના કારણરૂપ પણ નથી. બંધ–મોક્ષ અને તેનાં કારણો પર્યાયમાં છે. તે પર્યાય ઔદયિક–ક્ષાયિકાદિ ચાર ભાવરૂપ હોય છે.

દ્રવ્યરૂપ પારિણામિકભાવ, પર્યાયરૂપ ચાર ભાવ,–આવા દ્રવ્ય–પર્યાય બંનેનું જોડકું તે આત્મવસ્તુ છે. આત્મા પોતે દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુ છે. દ્રવ્ય અને પર્યાય એવા બંને ભાવરૂપ આખો આત્મા છે; તે પ્રમાણજ્ઞાનનો વિષય છે.

દ્રવ્યનયનો વિષય તે પણ એક અંશ છે, ને પર્યાયનયનો વિષય તે પણ એક અંશ છે. શુદ્ધનય પોતે પર્યાય છે પણ તે અખંડદ્રવ્યને વિષય કરે છે, ત્યાં નય અને તેનો વિષય અભેદ થઈ જાય છે. આવા અભેદઆત્માની પ્રતીત તે સમ્યગ્દર્શન છે. ‘આ શુદ્ધનય, અને આ તેનો વિષય’ એવા ભેદ અનુભૂતિમાં નથી.

અવસ્થાનો કાળ એક સમયનો; પણ આત્મા કદી અવસ્થા વગરનો થઈ જતો નથી, સમયે સમયે નવી અવસ્થારૂપે તે પરિણમ્યા જ કરે છે. સિદ્ધદશામાંય અવસ્થા છે. અવસ્થા એ કાંઈ બહારની ઉપાધિ નથી, આત્માનું જ સ્વરૂપ છે. પણ એક પર્યાય જેટલો જ આખો આત્મા નથી, દ્રવ્ય–સ્વરૂપે એકરૂપ ધ્રુવ ટકનારો આત્મા છે; તેના આશ્રયે થયેલી નિર્મળ પરિણતિ તે મોક્ષમાર્ગ અને મોક્ષ છે.

રાગમાં એકતાબુદ્ધિરૂપ તાળાં તોડ તો ચૈતન્યના ખજાના ખૂલી જાય. તને આત્માની પ્રભુતા સન્તો બતાવે છે. બહિરાત્મદશા, અંતરાત્મદશા, પરમાત્મદશા એ ત્રણે આત્માની પર્યાયો છે, ત્રણે અવસ્થા વખતે દ્રવ્યસ્વભાવ એકરૂપ છે.

ભાઈ, દુનિયાની વાત સમજવા માટે તેમાં રસ લઈને તું ઊંડો ઊતરે છે, તો આ તારા આત્માના વૈભવની વાત સમજવા માટે તેમાં રસ લઈને તું ઊંડો ઊતર, તો કોઈ અપૂર્વ વસ્તુનો તને તારામાં અનુભવ થશે. બાકી રાગની ને પુણ્ય–પાપની વાતો

તે તો સ્થૂલ છે, અનંતવાર અજ્ઞાનભાવે કરેલી છે. પુણ્ય–પાપથી ભિન્ન એવો ચૈતન્યભાવ ઓળખીને મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે અપૂર્વ છે.

મોક્ષમાર્ગમાં ત્રણભાગ લાગુ પાડયા, પણ જ્ઞાનની અપેક્ષાએ તો સમ્યક્ ક્ષયોપશમ ભાવ જ છે. જ્ઞાનનો ક્ષાયિકભાવ થતાં કેવળજ્ઞાન થાય છે.

સિદ્ધના આત્મામાં પણ સક્રિયપણું ને અક્રિયપણું બંને છે. ધ્રુવઅપેક્ષા એ તે અક્રિય છે; ને પર્યાયના ઉત્પાદ–વ્યય અપેક્ષાએ તે સક્રિય છે. પર્યાયનો પલટો હોવો તે કાંઈ દુઃખ નથી. વચ્ચે મોહ હોય તો દુઃખ હોય. (પ્ર. ગા. ૬૦ માં કહે છે કે અરિહંતોને ખેદ નથી, કેમકે મોહ નથી.) [ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતીકર્મ વિનષ્ટ છે.]

દ્રવ્ય છે ને પર્યાય નથી, અથવા પર્યાય જ છે ને દ્રવ્ય નથી–એમ માનવું તે એકાંત મિથ્યાત્વ છે. જીવના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને એક સાથે સર્વજ્ઞ ભગવાને જાણી લીધા છે; તેમણે જ જીવનું યથાર્થ સ્વરૂપ કહ્યું છે.

આમાં મોક્ષનું કારણ બતાવ્યું. ધ્રુવધામ સન્મુખ એકાગ્ર થયેલી પરિણતિ તે મોક્ષનું કારણ છે; દેહની ક્રિયા નહિ, રાગ નહિ. આ દુઃખથી છૂટીને સુખનો અલૌકિક માર્ગ છે. પોતાના દ્રવ્યમાં પોતાની પર્યાયને વાળવી તે જ સુખ; આ રીતે સુખનો માર્ગ પોતામાં જ છે, ને પોતે જ સુખ છે.

પહેલાં સ્વસન્મુખ થતાં આનંદના અંશનું વેદન થાય છે ને તેની સાથે સમ્યક્ પ્રતીત થાય છે કે આવો આખો આનંદ હું છું. પર્યાય આત્મામાં નથી એમ કહે તેને આત્માનો અનુભવ હોઈ શકે નહીં. અનુભવ તે પર્યાય છે. સિદ્ધને પણ પર્યાય છે.

ચૈતન્યને પોતાના સ્વઘરમાં આવવું તેમાં બોજો શો? ઉલ્ટું પરભાવનો બોજો ઉતારીને હળવો થઈ જાય–તેવું છે.

## ઘંટીના દ્રષ્ટાન્તે વસ્તુની સમજણ

(લોકોને અઘરૂં લાગતાં ઘંટીના બે પડનું દ્રષ્ટાંત આપીને ગુરુદેવે સમજાવ્યું)

એક ઘંટીમાં બે પડ; તેમાં સ્થિર પડની સાથે ફરતું પડ સ્પર્શીને ઘસાય ત્યારે લોટ થાય છે, તે પડ આઘું રહે તો લોટ થતો નથી. તેમ દ્રવ્ય–પર્યાયસ્વરૂપ આત્મા વસ્તુ; તેમાં પરિણમતી પર્યાયને સ્થિર દ્રવ્યમાં ભેળવીને અભેદ કરે ત્યારે આનંદ પ્રગટ થાય છે; તે પર્યાય બહિર્વલણમાં રહે, દૂર રહે, એટલે કે દ્રવ્યથી જુદી રહે તો

આનંદ થતો નથી, જ્યારે અંતર્મુખ થઈને અંતરમાં સ્વભાવ સાથે એકતાની ભીંસ કરે ત્યારે આનંદનો અનુભવ થાય છે.–આવો આત્માનો સ્વભાવ છે.

અવસ્થા ભલે પલટતી છે પણ જ્યાં તે ધ્રુવ સાથે એકાગ્ર થઈ ત્યાં તે આનંદરૂપ થઈ, હવે ધ્રુવના આશ્રયે પરિણમન થતાં આનંદરૂપ પર્યાયો થયા કરશે.

સ્થિર રહેવું ને ફરવું–બંને ભાવો ઘંટીમાં છે; બંને થઈને ઘંટી છે. આખી ઘંટી સ્થિર નથી, કે આખી ઘંટી ફરતી નથી. આખી ઘંટી સ્થિર રહે કે આખી ઘંટી ફરતી હોય –તો તેમાં અનાજ દળાય નહીં. ફરવું ને સ્થિર રહેવું બંનેરૂપ ઘંટી છે. તેમ આત્મ વસ્તુમાં સ્થિર રહેવું ને પરિણમવું–બંને ભાવો છે; બંને થઈને વસ્તુ છે આખી વસ્તુ સ્થિર નથી કે આખી વસ્તુ પરિણમતી નથી. સ્થિર રહેવું ને પરિણમવું બંનેરૂપ વસ્તુ છે. આખી વસ્તુ સ્થિર રહે કે આખી વસ્તુ પરિણમે તો તેમાં સમ્યગ્દર્શનાદિ કાર્ય થઈ શકે નહીં.

## આતમરામ પોતાના અંતરમાં દેખે સિદ્ધ ભગવાન

રામનવમીના દિવસે રાજકોટના પ્રવચનમાં પૂ. કાનજીસ્વામીએ કહ્યું કે રામચંદ્ર તો પરમાત્મપદને પામેલા ભગવાન છે. આતમરામ એવા નિજપદમાં રમનારા તે રામ હતા. આત્મામાં જે રમે તેને રામ કહેવાય. ભગવાન રામચંદ્રજી આવા નિજાનંદસ્વરૂપ આત્માને જાણતા હતા ને પછી રાજપાટ–સંસાર છોડી, સાધુ થઈ, આતમરામમાં રમતાં–રમતાં કેવળજ્ઞાન પ્રગટ કરીને સર્વજ્ઞપરમાત્મા થયા. એવા રામને ઓળખીને પૂજવા યોગ્ય છે.

રામચંદ્રજી તે ભવે મોક્ષ પામવાના હતા, તેમના બાળપણની એક વાત આવે છે કે, એકવાર આકાશમાં ચંદ્રને દેખીને નાનકડા રામને ભાવના જાગી કે આ ચાંદલિયો નીચે ઉતારીને મારા ગજવામાં રાખું. એટલે ચંદ્ર તરફ હાથ લાંબા કરીને તેને નીચે ઉતારવાની ચેષ્ટા કરવા લાગ્યા. અંતે સ્વચ્છ દર્પણમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખીને સમાધાન કર્યું. તેમ આતમરામ એવા સાધક ધર્માત્મા ચંદ્ર જેવા પોતાના સિદ્ધપદને પ્રગટ કરવા ચાહે છે; પણ સિદ્ધ કાંઈ ઉપરથી નીચે ન આવે. એટલે સાધક પોતાના સ્વચ્છ જ્ઞાનદર્પણમાં સિદ્ધના પ્રતિબિંબરૂપ પોતાના શુદ્ધઆત્માને દેખીને, તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ વડે સિદ્ધપદને સાધે છે. સિદ્ધપણું પોતાના આત્મામાં જ દેખે છે.

[ **અનુસંધાન પૃ. ૨૪ થી ચાલુઃ લાઠીનું પ્રવચન** ]

જુઓ, અનાદિથી જીવે શું કર્યું ?

જડના શરીરના કાર્યોની પ્રવૃત્તિ જડમાં છે, જીવ તેનો કર્તા નથી; જીવે અનાદિ અજ્ઞાનથી રાગ–દ્વેષ–પુણ્ય–પાપને પોતાનાં માનીને તેની જ પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિનું નામ અધર્મની પ્રવૃત્તિ છે, તે દુઃખદાયકપ્રવૃત્તિ છે. પોતાના રાગ વગરના ચિદાનંદસ્વરૂપને ઓળખતાં વીતરાગવિજ્ઞાનરૂપ પ્રવૃત્તિ થાય છે; આવી જ્ઞાનપ્રવૃત્તિ તે ધર્મપ્રવૃત્તિ છે, તે પરમ આનંદરૂપ છે.

જીવને સંસારનો રસ છે એટલે ત્યાં બધું યાદ રહે છે. વેપાર કેટલો ? દીકરી દીકરા કેટલા ? કોની ઉંમર કેટલી ? કઈ વસ્તુનો ભાવ શું ? તેમાં વધઘટ કેટલી ? નફો કેટલો ? એ બધું પ્રેમથી યાદ રાખે છે, ને આત્માનું સ્વરૂપ સમજવાની વાત આવે ત્યાં કહે કે અમને કાંઈ યાદ નથી રહેતું.–તો એને આત્માનો પ્રેમ જ ક્યાં છે ? આત્માનો સાચો પ્રેમ હોય તેની વાત સમજાયા વગર રહે નહીં. ચૈતન્યની પ્રીતિપૂર્વક ( એટલે કે રાગના લક્ષે નહિ પણ ચૈતન્યના લક્ષે ) એકવાર પણ તેની વાત જેણે સાંભળી છે એટલે કે સાંભળીને લક્ષમાં લીધી છે, તે જીવ અલ્પકાળમાં સમ્યગ્દર્શનાદિ પામીને મોક્ષદશા પામે છે.

અરેરે, અનંતકાળથી મારો આત્મા સંસારમાં બહુ દુઃખી છે. હું મારું સાચું સ્વરૂપ ન સમજ્યો તેથી જ હું દુઃખી થયો, માટે હવે મારું સાચું સ્વરૂપ સમજું–જેથી મારું દુઃખ મટે. સાચું સ્વરૂપ કેવું છે ? તે કહે છે –

**છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

પ્રથમ તો, સ્વસંવેદનથી પ્રત્યક્ષ એવો હું છું–એમ નક્કી કરવું. આત્માનો અનુભવ કરવામાં કોઈ પરની, દેવ–ગુરુ–શાસ્ત્રની કે શુભરાગની પણ અપેક્ષા નથી, પોતે પોતાના સ્વસંવેદનથી આત્મા સ્વાનુભવ કરે છે. રાગનો એક કણિયો પણ મને ધર્મ પામવામાં જરાય મદદ કરશે એમ માને તો તે રાગથી ભિન્ન કદી થાય નહી ને તેને જ્ઞાનસ્વરૂપ આત્મા કદી અનુભવમાં આવે નહીં. અહીં તો કહે છે કે સ્વને ભૂલીને એકલા રાગને જાણવામાં રોકાયેલું જ્ઞાન તે પણ આત્માનું સ્વરૂપ નથી, તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે, ખંડ–ખંડજ્ઞાન છે. અંતરમાં જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થઈને તેને સંચેતે તે જ ખરૂં જ્ઞાન છે. આવી જ્ઞાનચેતનાસ્વરૂપે આત્માને અનુભવતાં ભવના અંત આવે છે.

## ભાવનગર–મહોત્સવ સમાચાર * ( પૃ. ૮ થી ચાલુ )

( ૬ ) ઈસ જગતમેં સબસે શ્રેષ્ઠ કાર્ય કયા હૈ?

શુદ્ધઆત્માકા અનુભવ કરના યહી શ્રેષ્ઠ કાર્ય હૈ.

( ૭ ) આત્માનો અનુભવ કરવાથી શું થાય?

પોતામાં આનંદનો અનુભવ થાય, અને મોક્ષના ભણકાર વાગે.

( ૮ ) જગતમાં શ્રેષ્ઠ સ્ત્રી કોણ છે?

જિસકી પાસ જ્ઞાનચેતના હૈ, વહ ધન્ય હૈ, ઉનકો હમારા નમસ્કાર હૈ।

( ૯ ) ઋષભદેવ ભગવાનકા આદેશ કયા હૈ?

**ઋષભ કહે છે રે જીવો...કરજો આતમજ્ઞાન,**

**આતમજ્ઞાનથી પામશો...તમે પદવી મોક્ષ મહાન.**

આ પ્રમાણે માતાજીનો સમય દેવીઓ સાથે ધર્મચર્ચા સહિત આનંદપૂર્વક વીતી રહ્યો છે.

( ચૈ. વ. ૧૩ ) પ્રવચન બાદ સાંજે ૧૦૮ કલશોની જલયાત્રા નીકળી હતી. રાત્રે ભક્તિગીતનો કાર્યક્રમ હતો.

ચૈત્ર વદ ૧૪ ની વહેલી સવારમાં ઇન્દ્રના દરબારમાં એકાએક તીર્થંકરજન્મસૂચક મંગલ ચિહ્નો પ્રગટયા, ઇન્દ્રાસન કંપાયમાન થયું ને ભગવાન ઋષભદેવનો જન્મ થવાનું જાણીને ઇન્દ્રે બાલતીર્થંકરને નમસ્કાર કર્યા; ઇન્દ્રે તેમજ ઇન્દ્રાણીઓએ નીચેના શબ્દોથી પોતાનો હર્ષ–આનંદ અને ભક્તિ વ્યક્ત કર્યાઃ–

૧. અહો, ભરતક્ષેત્રની અયોધ્યા નગરીમાં આજે તીર્થંકર ભગવાનનો અવતાર થયો છે. ભગવાન ઋષભદેવ આ ભરતક્ષેત્રમાં મોક્ષના દરવાજા ખોલશે. ધન્ય એમનો અવતાર! તેમનો અવતાર આખા વિશ્વને માટે આનંદકારી છે.

૨. આકાશમાંથી જાણે આનંદના ફૂલ વરસી રહ્યા છે.

૩. અહા, દશ દશ ભવથી શરૂ કરેલી આત્મસાધના ભગવાન આ ભવમાં પૂરી કરશે, ને પરમાત્મા થઈને મોક્ષ પધારશે.

૪. તીર્થંકર ભગવાન એકલા મોક્ષ નહીં જાય, સાથે અસંખ્યાત જીવોને પણ મોક્ષમાં લઈ જશે.

૫. સ્વર્ગના આ મંગલ ઘંટા એની મેળે વાગી રહ્યા છે ને વિશ્વને બોલાવી રહ્યા છે કે અહો જીવો ! આ તીર્થંકર ભગવાનનો જન્મોત્સવ જોવા આવો.

૬. તીર્થંકરના અલૌકિક મહિમાના ચિંતનથી ઘણા જીવો તો સમ્યગ્દર્શન પણ પામી જાય છે.

૭. અહા, ધન્ય છે એ જગતજનેતા મરૂદેવી માતા...કે જેમની ગોદમાં તીર્થંકર ભગવાન બિરાજે છે.

૮. જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે...

૯. 'शुद्धोसि बुद्धोसि' ...કહીને મરૂદેવી માતા એનું પારણું ઝુલાવશે.

૧૦. ઋષભકુમાર મોટા થઈને મુનિ થશે ને ભરતક્ષેત્રમાં ધર્મતીર્થ વર્તાવશે.

૧૧. ભગવાન તો મોક્ષગામી, ને તેમના બધા પુત્રો પણ મોક્ષગામી ચરમશરીરી છે.

૧૨. કલ્પવૃક્ષ જ્યારે સુકાયા ત્યારે ઋષભદેવે પોતે જ કલ્પવૃક્ષનું કામ કર્યું.

૧૩. ભગવાને જગતને આત્મવિદ્યા શીખવી.

૧૪. તીર્થંકરના અવતારની વાત સાંભળતાં હૃદયમાં આનંદનો સાગર ઊછળે છે.

૧૫. પ્રભો, આ આંખથી આપને દેખતાં પણ હર્ષ થાય છે, તો જ્ઞાનચક્ષુથી આપને દેખતાં જે પરમ આનંદ થાય તેની શી વાત ?

૧૬. ચાલો રે ચાલો, ભગવાનના જન્મનો મહાન ઉત્સવ કરવા આપણે અયોધ્યા નગરીમાં જઈએ. સ્વર્ગનો દિવ્ય ઠાઠમાઠ અને ઐરાવત લઈને આનંદથી પ્રભુનો જન્મોત્સવ ઉજવીએ.

ઇન્દ્રોની સાથે ઇન્દ્રાણીઓએ પણ પ્રભુના જન્મોત્સવમાં પોતાનો આનંદ પ્રગટ કરીને પોતાની ભક્તિ વ્યક્ત કરી.

૧. (શચી ઇન્દ્રાણી કહે છે– ) અહા, નાનકડા તીર્થંકર કુમારને તેડીને મારા આ બે હાથ આજે પાવન થશે...મારું જીવન આજ ધન્ય બનશે !

૨. મંગલ વધાઈ આજ છે...તીર્થંકર અવતાર છે.

૩. દર્શન આનંદકાર છે...એ જગના તારણહાર છે.

૪. એ જ્ઞાનાનંદ દાતાર છે...જ્ઞાનના ભંડાર છે.

૫. એ ત્રણ જ્ઞાનથી શોભે છે...એ ત્રિકાળ મંગળ જીવ છે.

૬. એ ચાર ગતિ છોડાવે છે...પંચમ પદ પમાડે છે.

૭. આનંદ મંગળ આજ છે...દેવોનાં વાજાં વાગે છે.

૮. અયોધ્યા તીર્થધામ છે...જ્યાં આદિનાથ અવતાર છે.

૯. તીર્થંકર ભગવાનના અવતારને લીધે આપણા આ સ્વર્ગલોકની શોભા કરતાં પણ આજે અયોધ્યા નગરીની શોભા વધી ગઈ છે.

૧૦. અહા, આજે તો ધર્મના અંકુરા ફૂટયા છે...રત્નત્રયના બગીચા ખીલ્યા છે. આખી પૃથ્વી સુખમય બની ગઈ છે.

૧૧. ભગવાને પૂર્વે આઠમા ભવે મુનિવરોને આહારદાન દીધું હતું અને ભોગભૂમિમાં સમ્યગ્દર્શન પામ્યા હતા.

૧૨. અહા, સમ્યગ્દર્શનનો પ્રતાપ કોઈ અનેરો છે.

૧૩. ભગવાને સમ્યગ્દર્શનને જ ધર્મનું મૂળ કહ્યું છે.

૧૪. તીર્થંકરનો અવતાર અનેક જીવોને સમ્યક્ત્વનું કારણ થાય છે.

૧૫. ધન્ય છે–તીર્થંકરના માતાપિતા...કે જેમને ત્યાં જગતના તારણહારનો અવતાર થયો.

૧૬. ભગવાનનો આ છેલ્લો અવતાર છે. આ અવતારમાં તેઓ આત્મસાધના પૂરી કરીને પરમાત્મા બનશે. ચાલો, આવા ભગવાનનો મંગલ જન્મોત્સવ ઉજવવા જઈએ.

એ પ્રમાણે જિનેન્દ્રદેવનો મહિમા કરતાં કરતાં ઈન્દ્રો ઐરાવત લઈને આનંદ પૂર્વક જન્મોત્સવ ઉજવવા ઐરાવત હાથી પર અયોધ્યાપુરીમાં આવી પહોંચ્યા..ત્રણ પ્રદક્ષિણા કરી; બીજી તરફ અયોધ્યાનગરીમાં નાભીરાજાના દરબારમાં પણ ઋષભકુંવરના જન્મની મંગલ વધાઈ–આનંદ વધાઈ લઈને છડીદાર આવી પહોંચ્યા...નાભીરાજાએ મંગલ વધાઈથી પ્રસન્ન થઈને કહ્યું–અહો, તીર્થંકરના જન્મની વધાઈ સાંભળતાં મારા

અસંખ્ય પ્રદેશે જાણે ધર્મના અંકુરા ફૂટી રહ્યા છે, એવો મહાન આનંદ થાય છે. આખી અયોધ્યાનગરીમાં પ્રભુના જન્મનો આનંદોત્સવ મનાવો.

–આમ સર્વત્ર આનંદ–મંગલ છવાઈ રહ્યો છે...મંગલ વાજાં વાગી રહ્યા છે, પુષ્પવૃષ્ટિ–રત્નવૃષ્ટિ થઈ રહી છે...હજારો નગરજનો જન્મોત્સવ જોવા ઉમંગભેર આવી રહ્યા છે. આપણે પણ એ આનંદમાં ભાગ લઈએ. અહા, રાજદરબારમાં દેવાંગનાઓ આનંદથી મંગલ–નૃત્ય કરતી કરતી પ્રભુગુણ ગાઈ રહી છે. ઐરાવત પર ઇન્દ્ર–શચી અયોધ્યા આવી પહોંચ્યા...ઇન્દ્રાણીએ માતાજી પાસે જઈ બાલ તીર્થંકરને પોતાની ગોદમાં તેડીને કૃતાર્થતા અનુભવી ને પછી તે ઇન્દ્રને સોંપ્યા...જન્માભિષેક માટે પ્રભુજીની સવારી મેરુ પર્વત તરફ ચાલી. અહા, શી અદ્‌ભુત એની શોભા! ઐરાવત પર તીર્થંકર ૠષભકુમારને દેખી દેખીને જનતા આશ્ચર્ય અનુભવતી હતી. ભાવનગરની જનતા તો મુગ્ધ બની ગઈ હતી કે અરે, આપણી આ ભાવેણી નગરી આજે એકાએક અયોધ્યા કયાંથી બની ગઈ! નગરજનોના કહેવા પ્રમાણે ભગવાનની પ્રતિષ્ઠાનો આવો પંચકલ્યાણક મહોત્સવ ભાવનગરના આંગણે અઢીસો વર્ષે ઉજવાઈ રહ્યો છે. પ્રભુજીની જન્માભિષેકની સવારીમાં ત્રણ હાથી ઉપરાંત કેટલોય ઠાઠમાઠ વૈભવ હતો. નગરજનોને આશ્ચર્ય પમાડતી–પમાડતી, અને તીર્થંકરના અદ્‌ભુત ધર્મવૈભવને પ્રગટ કરતી–કરતી પ્રભુજીની સવારી મેરૂપર્વતે ( ગંગાજળીયા તળાવની મધ્યમાં ) આવી પહોંચી. ઇન્દ્રોએ મેરુની ત્રણ પ્રદક્ષિણા કરી...ને મેરુ ઉપર ૠષભતીર્થંકરનો જન્માભિષેક શરૂ કર્યો. પ્રભુજીના જન્માભિષેકનું ગૌરવ પોતાને મળવાથી એ મેરુ પર્વત મધ્યલોકમાં સૌથી ઊંચો બની ગયો.

હજારો મનુષ્યો આનંદપૂર્વક જિનેન્દ્રદેવનો જન્માભિષેક નીહાળી રહ્યા હતા. ભગવાનના આત્માએ જન્મ પૂરા કરી લીધા, જન્મરહિત થઈ ગયા, ને જગતને જન્મમરણ રહિત થવાનો વીતરાગમાર્ગ ઉપદેશ્યો...એવા પ્રભુને દેખીને ભક્તોને મુક્તિમાર્ગની પ્રેરણા જાગતી હતી. જન્માભિષેક પછી ઇન્દ્રો બાલતીર્થંકરને પુનઃ અયોધ્યા લાવ્યા, અને માતા–પિતાને પુત્ર સોંપીને આનંદથી તાંડવનૃત્ય કર્યું. અનેક ભક્તો પણ આનંદથી નાચી ઊઠયા. ધન્ય તીર્થંકર–અવતાર! ધન્ય એના ભક્તો!

બપોરે બાલતીર્થંકર ૠષભકુમારને માતાજી તથા ઇન્દ્રાણીઓ પારણામાં ઝુલાવતી હતી. રાત્રે ૠષભકુમારની રાજસભાનું દ્રશ્ય થયું હતું.

( ચૈ. વદ અમાસ ) આજે પ્રભુના વૈરાગ્યનો અને દીક્ષા કલ્યાણકનો દિવસ હતો; અને એકાએક વૈરાગ્ય પમાડે એવો બનાવ બની ગયો. આગલી રાતે ઝગઝગાટ કરતો

મંડપ...સવારમાં જુઓ તો ભસ્મીભૂત! આવો ક્ષણભંગુર સંસાર! ફાગણ વદ નોમે જ્યારે પ્રભુના જન્મોત્સવ નિમિત્તે દેવદેવીઓ ભક્તિ અને નૃત્ય કરી રહ્યા હતા ત્યારે નીલંજસા દેવીનું આયુષ્ય એકાએક પૂરું થયું, ને એ ક્ષણભંગુરતા દેખીને ભગવાન સંસારથી વિરક્ત થયા.

નીલંજસા દેવીના મરણથી સંસારની ક્ષણભંગુરતા ઋષભદેવે દિવ્યજ્ઞાન વડે દેખી લીધી, અને સંસારથી વિરક્ત થયા; એ ક્ષણભંગુરતા તો ઋષભદેવે જ દેખી, જ્યારે અહીં પ્રભુના વૈરાગ્ય પ્રસંગે તો સૌને નજરે દેખાય એવો ક્ષણભંગુરતાનો બનાવ બની ગયો... રાતે ઝગમગતો દેખેલો આખો મંડપ સવાર પહેલાં તો ક્ષણભરમાં વિલીન થઈ ગયો અને અનિત્યતાએ પોતાનું સ્વરૂપ જગત સમક્ષ ખુલ્લું કર્યું. આવી અનિત્યતા દેખીને ભગવાન ઋષભદેવ સંસારમાં કેમ રહે? તરત ભગવાન સંસારથી વિરક્ત થઈને બાર વૈરાગ્ય ભાવના ભાવવા લાગ્યા ને દીક્ષા માટે તૈયાર થયા. તરત લૌકાંતિક દેવોએ આવીને સ્તુતિપૂર્વક વૈરાગ્યનું અનુમોદન કરતાં કહ્યું –

(૧) હે પ્રભો! આત્માની અનુભૂતિના બળે આ સંસારથી આપ વિરક્ત થયા છો, ને સાક્ષાત્ મોક્ષમાર્ગ માટે આપ તૈયાર થયા છો; તે માટે આપ જે વૈરાગ્ય–ભાવનાઓ ભાવી રહ્યા છો તેમાં અમારી અનુમોદના છે.

(૨) **લક્ષ્મી શરીર સુખદુઃખ અથવા શું, મિત્ર જનો અરે;**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગઆત્મક જીવ છે.**

– આવા ધ્રુવસ્વભાવની ભાવના વડે હે પ્રભો! આપ શીઘ્ર કેવળજ્ઞાન પામો ને દિવ્યધ્વનિ વડે મોક્ષના દરવાજા ખુલ્લા કરો.

(૩) પ્રભો! આપ જે વૈરાગ્યભાવના ભાવી રહ્યા છો તેને શીઘ્ર અમલમાં મુકો; ને દીક્ષા લઈને, આ ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષથી બંધ રહેલો મુનિમાર્ગ ખુલ્લો કરો.

(૪) વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ.

(૫) હે આદિનાથ દેવ! હમ લૌકાંતિકદેવ અન્ય કિસી કલ્યાણકમેં નહીં આતે, માત્ર આપકે દીક્ષાકલ્યાણક કે પ્રસંગ પર આપકે વૈરાગ્યકી અનુમોદના કરનેકો આતે હૈ। આત્મજ્ઞાનીકો હી સચ્ચા વૈરાગ્ય હોતા હૈ ઔર વહી સંસારમેં શરણ હૈ।

(૬) અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અશુચી, આસ્રવ, સંવર, નિર્જરા, લોકભાવના

ધર્મભાવના અને દુર્લભબોધિભાવના એ બાર વૈરાગ્યભાવનાઓ અધ્યાત્મની જનેતા છે. અને પ્રભુજી એ બાર ભાવનાઓમાં ઝુલી રહ્યા છે.

**( ૭ ) ભવ-તન-ભોગ અનિત્ય વિચારા, ઈમ મન ધાર તપે તપ ધારા;**

**સુર શિબિકા ધર કાનન ધાયે, ધનધન દેવ અહો ધન જાયે.**

( ૮ ) પ્રભો ! નિજસ્વરૂપમાં સમાઈ જવા માટે આપ મુનિ થઈને મૌન ધારણ કરશો, અને કેવળજ્ઞાન પામ્યા પછી દિવ્યધ્વનિવડે મોક્ષનો માર્ગ પ્રકાશિત કરશો. ધન્ય છે આપનો અવતાર !

–વૈરાગ્યભર્યા વાતાવરણમાં ઇન્દ્રોએ આવીને પ્રભુની દીક્ષાનો મંગલઉત્સવ ઉજવ્યો પાલખીમાં આરૂઢ થઈને ભગવાને વન તરફ પ્રસ્થાન કર્યું. દીક્ષા–કલ્યાણકની મોટી ભવ્ય યાત્રા નીકળી હતી, પ્રભુના વૈરાગ્ય પ્રસંગની આવી ભવ્ય યાત્રા દેખીને સૌ આનંદિત થતા હતા. દીક્ષાકલ્યાણક વિધિ વલ્લભ બાગમાં વડવૃક્ષની છાયા નીચે થઈ હતી. વનના ઉપશાંત વાતાવરણ વચ્ચે આત્મધ્યાનમાં લીન મુનિરાજ ચારજ્ઞાન સહિત શોભતા હતા. ત્યાર બાદ દીક્ષાપ્રસંગને ઉચિત પ્રવચન થયું હતું તેમાં મુનિદશાનો પરમ મહિમા સમજાવીને તેની ભાવના ભાવી હતી. આજનું દીક્ષાદિવસનું વાતાવરણ ખૂબ જ વૈરાગ્યમય હતું. મંડપના ઉપશાંત વાતાવરણ વચ્ચે વેદી પર બિરાજમાન જિનેન્દ્ર ભગવંતો પર અંકન્યાસવિધિ ગુરુદેવના સુહસ્તે થઈ. કુલ ૧૦ જિનબિંબો હતા–જેમાં અમરેલીના બે તથા ગઢડાના એક હતા. બપોરે નવા મંડપમાં પ્રવચન બાદ જિનમંદિર–વેદી–કળશ શુદ્ધિ થઈ હતી. રાત્રે ભક્તિ–ભજનનો કાર્યક્રમ હતો.

વૈશાખ સુદ એકમની સવારે પ્રવચન બાદ શ્રી ઋષભમુનિરાજના આહારદાનનો મહાન પ્રસંગ બન્યો હતો. આ ચોવીસીમાં અસંખ્ય વર્ષ બાદ સૌથી પહેલાં આહારદાનનો પ્રસંગ શ્રેયાંસકુમારને ત્યાં ઋષભમુનિરાજના આહારનો બન્યો. ઇક્ષુરસના દાનને કારણે, અને તેના અક્ષય ફળને કારણે આહારદાનનો એ દિવસ ( વૈશાખ સુદ ત્રીજ ) અક્ષય ત્રીજ તરીકે જગપ્રસિદ્ધ બન્યો. અહીં આહારદાનનો લાભ કુચામનવાળા ભાઈશ્રી હીરાલાલજીને અને તેમના પરિવારને મળ્યો હતો. હજારો ભક્તો એ આહારદાનમાં અનુમોદના કરી રહ્યા હતા. બપોરે ભગવાનને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રોએ સમવસરણની રચના કરીને કેવળજ્ઞાન પૂજન કર્યું હતું. રાત્રે દોહરા–ભજનનો કાર્યક્રમ હતો.

વૈશાખ સુદ બીજ આવી...ને ગુરુજન્મની મંગલ વધાઈ લાવી. આજે ભક્તોને

વિશેષ ઉલ્લાસ હતો. કહાનગુરુની આજે ૮૧ મી જન્મજયંતી હતી. સવારમાં ઊઠતાંવેંત ગુરુદેવે અવિનાશી આતમરામ યાદ કર્યા. જન્મવધાઈની ખુશાલીમાં હજારો ભક્તોની મંગલ પ્રભાતફેરી જિનમંદિરેથી શરૂ થઈને આદિનાથનગર આવી પહોંચી. ગુરુદેવ પણ ત્યાં પધાર્યા ને હાથીએ માળા અર્પણ કરીને સ્વાગત કર્યું. મંડપની સન્મુખ ૮૧ દીવડાનો સ્તંભ ઝગઝગતો હતો...પગલે પગલે પુષ્પવૃષ્ટિ થતી હતી...અનેરો ઉમંગ, જયજયકાર અને વાજિંત્રના ઝણઝણાટ વચ્ચે ગુરુદેવની જન્મવધાઈના અભિનંદન શરૂ થયા... બેસુમાર ભીડ વચ્ચે માંડમાંડ મારગ કરીને ભક્તો શ્રીફળ અર્પણ કરતા. હજારો શ્રીફળનો ગંજ થઈ ગયો. પૂ. બેનશ્રી–બેને પણ ઉત્તમ ભાવથી મંગલવધાઈ ગવડાવી. આનંદપૂર્વક શ્રી જિનેન્દ્રદેવનું મહાન પૂજન થયું. મંગલપ્રવચન પછી ભાઈશ્રી હિંમતભાઈ, તેમજ માનનીય પ્રમુખશ્રી વગેરેએ સમાજ તરફથી ગુરુદેવ પ્રત્યે અભિનંદન અંજલિ વ્યક્ત કરી હતી, તથા ૮૧ રૂા. ની રકમો જાહેર કરવામાં આવી હતી. ઠેરઠેરથી અભિનંદન સંદેશાઓના તાર સેંકડોની સંખ્યામાં આવ્યા હતા. નવા મંડપમાં પણ પવનથી તકલીફ ઊભી થતાં આજે બપોરનું પ્રવચન ટાઉનહોલમાં રાખવામાં આવ્યું હતું. ભાવનગરના મહારાજા શ્રી વીરભદ્રસિંહજી પણ પ્રવચનમાં આવ્યા હતા ને આખું પ્રવચન પ્રેમપૂર્વક સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ભાવનગરશહેરની જનતા પણ હજારોની સંખ્યામાં ઉત્સાહથી લાભ લેતી હતી. ઠેરઠેર ઉત્સવની જ ચર્ચાઓ ચાલતી હતી; ને દિગંબર જૈનધર્મની ખૂબ પ્રસિદ્ધિ થઈ હતી. સમગ્ર જૈનસમાજે ઉત્સવમાં સારો સાથ આપ્યો હતો, ને ભાવનગરના ઉત્સવનું ઉલ્લાસભર્યું વાતાવરણ મુંબઈ અમદાવાદના ઉત્સવોને યાદ કરાવતું હતું. મુમુક્ષુમંડળના ભાઈ–બહેનોએ ઉત્સવની સફળતા માટે તન–મન–ધનથી ખૂબ મહેનત કરી હતી. એ માટે મુમુક્ષુમંડળ તેમજ તેના પ્રમુખશ્રી હિંમતલાલભાઈ ધન્યવાદને પાત્ર છે. સાથે સાથે ભાવનગરનો જૈનસમાજ તેમજ જનતા પણ ધન્યવાદને પાત્ર છે.

વૈશાખ સુદ બીજની રાત્રે કહાનકુંવરના જન્મથી માંડીને ભાવનગરમાં ૮૧મી જન્મજયંતી સુધીના મુખ્ય પ્રસંગોનું સુંદર સંકલન નાટક અને કાવ્ય રૂપે રજુ કરવામાં આવ્યું હતું. રજુ કરનાર હતા–મલાડના ઉત્સાહી ભાઈશ્રી કાન્તિલાલ ગો. શાહ અને તેમની મંડળી. પ્રસંગોની રજુઆત ઘણી સરસ હતી. આ રીતે વૈશાખ સુદ બીજ આનંદથી ઉજવાઈ હતી.

વૈશાખ સુદ ત્રીજ ( અક્ષયત્રીજ )–સવારમાં કૈલાસગિરિ પર્વત ઉપર નિર્વાણ–કલ્યાણક ( પોષ વદ ૧૪–શાસ્ત્રીય માહ વદ ૧૪ ના રોજ ) નું દ્રશ્ય થયું, એટલે

## લીજીયે...આનંદકી મંગલ વધાઈ !




**જન્મવધાઈ સુણતાં આવે દેશોદેશ સન્દેશા...**
**ઉમંગભર્યાં ભક્તોનાં હૈયાં ગુરુદેવ-અભિનંદે રે...**

કેવું ભાવભીનું દૃશ્ય છે! પૂ. બેનશ્રી ચંપાબેન અને પૂ. બેન શાંતાબેન શ્રીફળ અર્પણ કરીને ગુરુદેવના જન્મોત્સવની મંગલવધાઈનો આનંદ વ્યક્ત કરી રહ્યા છે. હજારો ભક્તોદ્વારા થતી મંગલ વધાઈથી શ્રીફળનો ગંજ ખડકાઈ જાય છે.

[ આત્મધર્મ વૈશાખઃ ૨૪૯૬ ]

# બે બળદની જોડી...જન્મોત્સવમાં દોડી



**બે બળદની જોડી...વૈશાખ સુદ બીજે દોડી.**

**જન્મોત્સવમાં જોડી...એ ઠાઠમાઠ લગાડી.**

લાઠી શહેરમાં સાત વર્ષ પહેલાં ગુરુદેવનો ૭૪મો જન્મોત્સવ ઊજવાયો ત્યારે ૭૪ શણગારેલા બળદ પણ આનંદકારી સરઘસમાં સાથે જ હતા; તેનું આ એક દૃશ્ય છે. બળદ પણ જાણે ખુશી થઈ રહ્યા છે કે વાહ! મનુષ્યોની સાથે અમને તિર્યંચોને પણ આવા મહાપુરુષની જન્મજયંતિમાં ભાગ લેવાનો લહાવો મળ્યો.

[ વૃષભ (બળદ) એ મંગળસૂચક છે. બધાય તીર્થંકરોની માતાના ૧૬ મંગલસ્વપ્નોમાં પણ તે એક સ્વપ્ન છે; સીમંધર ભગવાનનું ને આદિનાથ ભગવાનનું એ મંગલ ચિહ્ન છે. વૃષભ એટલે ધૂરંધર (ધૂરાને ધારણ કરનાર); તીર્થંકર ભગવંતો ધર્મની ધૂરાના ધૂરંધર છે. )

[ આત્મધર્મ વૈશાખઃ ૨૪૯૬ ]

પંચકલ્યાણક વિધિ પૂર્ણ થઈ...જગત્ કલ્યાણકારી પંચકલ્યાણકનાં દ્રશ્યો પૂરા થયા, ને પ્રતિષ્ઠિત થયેલા જિનેન્દ્રબિંબોની ગાજતે વાજતે જિનમંદિરમાં પધરામણી થઈ. ભાવનગરનું જિનમંદિર સોનગઢની શૈલીનું હોવાથી, તે જાણે સોનગઢ–જિનમંદિરનું નાનું ભાઈ હોય એવું શોભે છે. આવા જિનમંદિરમાં સીમંધરાદિ ભગવંતોની પધરામણી થતાં ભક્તોનાં હૈયા આનંદથી ઊછળી રહ્યા હતા ને ભક્તિથી નાચી ઊઠયા હતા. શરૂમાં જિનેન્દ્ર ભગવંતોનું સમૂહ પૂજન થયું હતું, કહાન ગુરુએ પણ પૂજન કર્યું હતું. મૂળનાયક ભગવાન સીમંધર સ્વામી–જેને પ્રમોદથી ગુરુદેવ ઘણીવાર जीवन्तस्वामी કહીને બોલાવે છે, તેમની સ્થાપના પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરીના હસ્તે થઈ હતી. ગુરુદેવ ઘણા ભક્તિભાવથી જિનબિંબોની સ્થાપના કરાવતા હતા. સીમંધરપ્રભુની આજુબાજુ ગુલાબીરંગના આદિનાથ ભગવાન તથા મહાવીર ભગવાન બિરાજે છે. ઉપરના ભાગમાં શ્રી નેમિનાથ, શીતલનાથ, તથા વાસુપૂજ્ય ભગવંતો બિરાજે છે. આનંદપૂર્વક જિનેંદ્ર ભગવંતોની પ્રતિષ્ઠા બાદ કળશ અને ધ્વજારોહણ થયું.

આ ભવ્ય દિગંબર જિનમંદિર ગાંધીસ્મૃતિની સામે જુની માણેકવાડીમાં આવેલું છે. (આ પહેલાનું એક દિગંબર જિનમંદિર બજારમાં હુમચના ડેલામાં આવેલું છે.)

પ્રતિષ્ઠા બાદ મહાન શાંતિયજ્ઞ થયો હતો. પ્રતિષ્ઠાવિધિ સાગરના પં. શ્રી મુન્નાલાલજી સમગોરયાએ કરાવી હતી, બીજા અનેક વિદ્વાનો તેમજ અજમેરની ભજનમંડળી પણ આવી હતી. અંદાજ ચાર હજાર જેટલા બહારગામના મુમુક્ષુઓએ ઉત્સવમાં ભાગ લીધો હતો ને સભામાં સાત આઠ હજાર માણસો થતા હતા. બપોરે ટાઉન હોલમાં પ્રવચન બાદ, ઉત્સવની પૂર્ણતાની ઉપલક્ષમાં શ્રી જિનેન્દ્રદેવની વિશાળ રથયાત્રા નીકળી હતી. રાત્રે જિનમંદિરમાં પૂ. બેનશ્રી અને પૂ. બેને જિનભક્તિ કરાવી હતી. આ રીતે મંગલઉત્સવ સમાપ્ત થયો હતો. આ ઉત્સવ જૈનધર્મની મહાન પ્રભાવનાનું કારણ થયો હતો.

બીજે દિવસે વૈશાખ સુદ ચોથની સવારમાં જિનેન્દ્ર ભગવાનનું સ્તવન કરીને ગુરુદેવે સોનગઢ તરફ પ્રસ્થાન કર્યું.

[આ પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય દ્રશ્યો આત્મધર્મમાં રજૂ કરવાની ભાવના હતી, પરંતુ તે માટેના ફોટા તૈયાર થઈ શક્યા ન હોવાથી આ અંકમાં આપી શકાયા નથી. શક્ય હશે તો હવે પછી આપશું.)

# કાનાતળાવમાં મંગલ જિનેન્દ્રપ્રતિષ્ઠા મહોત્સવ

કુંડલાથી ચાર માઈલ દૂર કાનાતળાવ ગામડું...સો–દોઢસો ઘરની કણબીભાઈઓની વસ્તીવાળું આ નાનકડું ગામ આજે (ચૈત્ર વદ પાંચમે) હર્ષથી ઉભરાઈ રહ્યું છે. કાનાતળાવમાં કાનગુરુનું સ્વાગત કરવા જનતા ઉમટી રહી છે. અનેક ગામના સેંકડો મુમુક્ષુઓ જિનબિંબપ્રતિષ્ઠાના ઉત્સવમાં ભાગ લેવા આવી રહ્યા છે. મંગળ કળશ સહિત ૮૧ બાલિકાઓ તથા ધર્મધ્વજ સહિત હાથી પણ સ્વાગત માટે તૈયાર છે. ગામની ભજન મંડળી પણ સાજબાજ સહિત તૈયાર છે. પૂ. કહાનગુરુ પધારતાં સૌએ ભાવભીનું સ્વાગત કર્યું.

કાનાતળાવના કેટલાક કણબીભાઈઓને દસેક વર્ષ પહેલાં ચરખડીઆ ગામે સોનગઢના મુમુક્ષુઓ પાસેથી તત્ત્વની વાત સાંભળવા મળેલી; વીતરાગી વસ્તુસ્વરૂપના સિદ્ધાંતો તેમને ગમ્યા, જૈનશાસન પ્રત્યે તેઓ આકર્ષાયા; અવારનવાર સોનગઢ આવીને પણ તેઓ લાભ લેવા લાગ્યા. જિનમંદિરમાં અરિહંત ભગવાનને દેખીને ભાવના જાગી કે આવા ભગવાન અમારા ગામમાં પણ હોય તો અમને રોજ ભગવાનના દર્શનનો લાભ મળે. યાહોમ કરીને તેમણે રળિયામણું જિનમંદિર રૂા. એકાવન હજારના ખર્ચે બંધાવ્યું. અને શિરપુર (મહારાષ્ટ્ર) માં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ વખતે ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠાવિધિ પણ કરાવી લીધી. અને વેદીપ્રતિષ્ઠાના ઉત્સવનિમિત્તે ગુરુદેવ કાનાતળાવ પધાર્યા.

સ્વાગતગીત પછી મંગલપ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–આ દેહમાં રહેલો સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છે, તે મંગળ છે. આવા આત્માના ભાન વગર જીવ ચારગતિમાં રખડે છે. અંદર આનંદસ્વરૂપ આત્માનું ભાન કરતાં દુઃખ મટે ને સુખ થાય–તે મંગળ છે. અનંતકાળથી આવો આત્મા મેં ન જોયો, હે ચેતનાસખી! હવે આવા આત્માનું દેખણ દે...રે દેખણ દે. આવા નિજસ્વરૂપને દેખતાં અપૂર્વ શાંતિ થાય છે, તે મંગળ છે. આવા આત્માને ઓળખીને આત્મા પોતે ભગવાન થાય છે. આવા ભગવાનની અહીં પ્રતિષ્ઠા થાય છે. અંદરમાં ભગવાન આત્મા બિરાજે છે તેને શ્રદ્ધા–જ્ઞાનમાં સ્થાપીને તેનાં દર્શન કરતાં ચારગતિનાં દુઃખ મટે છે. પ્રભુ પોતાની

પાસે અંતરમાં જ બિરાજે છે, પણ પરની મમતા આડે પોતાનો પ્રભુ દેખાતો નથી. હવે હે જીવ! મનુષ્યપણું અને સત્સમાગમ મળ્યો તેમાં આવા તારા આત્માને ઓળખ, આવી ઓળખાણ કરવી તે મહાન માંગલિક છે.

મંગલપ્રવચન બાદ વેદી–પ્રતિષ્ઠા મહોત્સવના મંગલ પ્રારંભમાં પ્રતિષ્ઠામંડપમાં જૈનઝંડારોપણ થયું, ઝંડારોપણ પુનાના ભાઈશ્રી નાથાલાલ વિઠ્ઠલદાસે કર્યું હતું. અને મંડપમાં જિનેન્દ્રભગવાનને બિરાજમાન કરવાની વિધિ સુરતના ભાઈશ્રી દિનેશચંદ્ર મનહરલાલે કરી હતી.

બપોરે પ્રવચનના પ્રારંભમાં જ नमो अरिहंताणं નો અર્થ સમજાવતાં ગુરુદેવે કહ્યું કે આમાં અરિહંત પરમાત્માને નમસ્કાર કર્યા છે; તે અરિહંત કેવા છે? આત્મા જ્ઞાનઆનંદસ્વરૂપ છે, તેનું ભાન કરીને જેમણે મોહાદિ અરિને હણ્યા અને પૂર્ણ જ્ઞાન–આનંદદશા પ્રગટ કરી તે સર્વજ્ઞદેવ અરિહંત પરમાત્મા છે. તેવી દશા પ્રગટ કરવી તે આત્માને ઇષ્ટ છે, વલ્લભ છે, મંગલ છે.

–આવા અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને આ મંગલ શરૂઆત થાય છે. આ આત્માનો સ્વભાવ પણ અરિહંત પરમાત્મા જેવો છે; તેનું ભાન કરતાં અરિહંતને સાચા નમસ્કાર થાય છે.

છ વર્ષ પહેલાં ( સં. ૨૦૨૦ માં ) આ કાનાતળાવ ગામે આવેલા ત્યારે પ્રવચનમાં લીંડીપીપરનો દાખલો આપીને આત્માનું સ્વરૂપ સમજાવ્યું હતું. જેમ લીંડીપીપરના દરેક દાણામાં ચોસઠ પોરી તીખાસ રહેલી છે તે જ તેમાંથી પ્રગટે છે; તેમ અરિહંત પરમાત્મા જેવા શુદ્ધ ગુણો દરેક આત્મામાં છે, તેને ઓળખતાં તે પ્રગટે છે. દરેક જીવમાં જ્ઞાનસ્વભાવ છે. આ માખીનાં ટોળા દેખાય છે તેમાં પણ જીવ છે, તેનામાં પણ પરમાત્મસ્વભાવ ભર્યો છે; પણ તે જીવો પોતાના સ્વભાવને ભૂલીને સંસારમાં રખડી રહ્યા છે, ને મહા દુઃખી છે.

અહીં અરિહંતને નમસ્કાર કર્યા એટલે અરિહંત જેવું પોતાનું સ્વરૂપ છે એમ સ્વીકાર્યું. આત્માનું સ્વરૂપ કેમ સાધવું? તે વાત અહીં રાજાની સેવાનું દ્રષ્ટાંત આપીને ( સમયસાર ગા. ૧૭–૧૮ માં ) સમજાવે છે.

બે હજાર વર્ષ પહેલાં મદ્રાસ પાસેના પોન્નૂર પર્વત પર એક વીતરાગી દિગંબર સંત રહેતા હતા, તેમનું નામ કુંદકુંદાચાર્ય. તેઓ અહીંથી વિદેહક્ષેત્રમાં ગયા હતા અને ત્યાં બિરાજમાન સાક્ષાત્ પરમાત્મા સીમંધરભગવાનની દિવ્યવાણી

સાંભળી હતી. પોતાને આત્માનો ઘણો અનુભવ અને ઘણા આનંદનું વેદન હતું. એવા આચાર્યદેવે આ સમયસાર રચ્યું છે ને તેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે.

[ હજાર દોઢહજાર માણસોની સભા, જેમાં વાણીયા કરતાં કણબી ભાઈઓની સંખ્યા વધુ, એવી સભામાં સમયસાર વંચાતું હતું ને ગુરુદેવ દેહાતીત આત્માનું સ્વરૂપ સમજાવતા હતા; સૌ શ્રોતાઓ ઉત્કંઠાથી સાંભળતા હતા. તે દેખીને થતું કે વાહ! ગુરુદેવના પ્રતાપે કેવો ધન્ય અવસર આવ્યો છે કે આવા નાનકડા ગામડાના કણબી ભાઈઓ પણ શુદ્ધાત્માની વાત હોંશથી સાંભળી રહ્યા છે. )

આત્માના ગુણોમાં જે મોટો હોય તે જ સાચો શેઠ ( એટલે કે શ્રેષ્ઠ ) છે; બાકી પરચીજથી પોતાની મોટાઈ લેવા માંગે તે મોટો નથી પણ ભીખારી છે. જેને સંસારની ધન વગેરેની કે સ્વર્ગની તૃષ્ણા છે તે તો ભીખારી છે. અહીં તો જેને સંસારની કોઈ ભાવના નથી, જે મોક્ષનો જ અર્થી છે એવા મુમુક્ષુ જીવે આત્માની સિદ્ધિ માટે આત્માની સેવા કેવી રીતે કરવી, તે વાત સમજાવે છે.

પ્રથમ તો જેનું કલ્યાણ કરવાનું છે તેનું સ્વરૂપ ઓળખવું જોઈએ. આત્મા પોતે પોતાનું સ્વરૂપ જાણ્યા વગર કલ્યાણ થાય નહીં.

[ પ્રવચન પછી પંચ પરમેષ્ઠી ભગવાનનું પૂજન વિધાન થયું હતું. ચૈ. વદ છઠ્ઠની સવારમાં કાનાતળાવના પટલાણી સૌ. મુક્તાબેન વલ્લભભાઈના હસ્તે મંગલ–કુંભસ્થાપન ( નાંદિવિધાન ) થયું હતું. અને ઇન્દ્રપ્રતિષ્ઠા થઈ હતી. ચાર ઇન્દ્ર ઇન્દ્રાણીમાં પ્રથમ ઇન્દ્ર સુરતના દીનેશકુમાર મનહરલાલ, બીજા ઇન્દ્ર સાવરકુંડલાના વસંતકુમાર જગજીવન, અને બીજા બે ઇન્દ્રો કાનાતળાવના દેવજીભાઈ પટેલ તથા હરિભાઈ પટેલ હતા. )

પ્રવચન પછી ઇન્દ્રોનું જુલૂસ નીકળ્યું હતું; નાના ગામમાં હાથી પર મોટું ઇન્દ્રસરઘસ દેખીને લોકો આશ્ચર્ય અનુભવતા હતા. બપોરે ઇન્દ્રોદ્વારા યાગમંડલ પૂજન થયું હતું.

[ અહીં પાણીની ઘણી છત છે, ને ખેડૂતભાઈઓ સમૃદ્ધ છે. ખેતીદ્વારા થતી વિશેષ જીવહિંસાથી ઘણા ખેડૂતો મનમાં દુઃખ અનુભવે છે–એ તેમની આર્યતા છે. ઉત્સવમાં આવેલા પાંચસો જેટલા મહેમાનોને ઘરે ઘરે ઊતારા આપ્યા હતા; તથા ઉત્સવની ખુશાલીમાં સૌને માટે શેરડીના તાજા રસનું પરબ ખુલ્લું મૂકી દીધું હતું. પ્રવચન પણ સૌ પ્રેમથી સાંભળતા હતા. )

ગુરુદેવ સહેલી ભાષામાં આત્માની વાત સમજાવતા હતા. આત્માના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વડે જ સાધ્યની સિદ્ધિ થાય છે, બીજી રીતે સિદ્ધિ થતી નથી; માટે વિકલ્પોની બસ થાઓ; વિકલ્પથી પાર થઈને ચૈતન્યસ્વભાવી આત્માને જાણવો એટલે કે અનુભવવો, તેની શ્રદ્ધા કરવી ને તેમાં એકાગ્રતારૂપ અનુચરણ કરવું–તે મોક્ષનો ઉપાય છે.

પહેલી જ વાત આત્માને જાણવાની કરી. આ 'જાણવું' તેમાં વિકલ્પ નથી, વિકલ્પથી ભિન્ન પડેલા જ્ઞાનવડે આત્મા જણાય છે, એટલે કે સ્વાનુભવરૂપ જ્ઞાનથી આત્મા જણાય છે. આત્માને જાણવો એટલે કે અનુભવવો. વિકલ્પ વડે આત્મા ખરેખર જણાતો નથી; પહેલાં વિકલ્પથી નક્કી કરવું ને પછી અનુભવ કરવો–એમ વચ્ચે વિકલ્પની વાત નથી કરી. વિકલ્પ હોય તે કાંઈ સાધન નથી. સીધા જ્ઞાનથી આત્માને અનુભવમાં લેવો તે જ આત્માને સાધવાની રીત છે, તે જ મોક્ષનો ઉપાય છે.

આ મનુષ્યભવ મળ્યો તે ત્યારે સફળ કહેવાય કે જો આત્માનું ભાન કરીને ભવના અભાવનો ઉપાય કરે. આ મનુષ્યપણું મળવું બહુ મોંઘું છે. કેવું મોઘું ? કે ગાડામાં બળદને જોતરવા માટે જે ધોંસરૂં હોય ને તેમાં બે બાજુ સમેલ ( ડોકનો પટ્ટો બાંધવાનો ખૂંટો ) હોય છે, તે બે સમેલ છૂટા કરીને દરિયાના એક કાંઠે નાંખે, ને ધોંસરૂં બીજા કાંઠે નાંખે, તે બંને દરિયામાં રખડતા રખડતા ભેગા થાય ને તે સમેલના ખૂંટા પાછા ધોંસરી સાથે જોડાઈ જાય,–એમ બનવાનું જેમ દુર્લભ છે, તેમ આ સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરતા જીવને મનુષ્યપણું મળવું એથીયે દુર્લભ છે.

આવું મનુષ્યપણું મળ્યા પછી પણ સંસારના પાપની પંચાતમાં મૂઢ જીવ તેને નકામું ગુમાવે છે. જેમ અંધમનુષ્ય નગરીના ગઢને ફરતો આંટા માર્યા કરે, ને પ્રવેશદ્વાર આવે ત્યારે પણ પ્રમાદી થઈને તેમાં પ્રવેશ ન કરે, તેમ મનુષ્ય થઈને આત્માને સમજીને મોક્ષમાં જવાનાં ટાણા આવ્યા ત્યારે પણ મૂર્ખ જીવ વિષય–કષાયમાં ને પુણ્ય–પાપમાં જ જીવન ગુમાવીને પાછો ચાર ગતિમાં જ રખડે છે. શ્રીગુરુ તેને સમજાવે છે કે ભાઈ ! આવું મનુષ્યપણું પામીને, ઉપયોગસ્વરૂપ આત્માને તું ઓળખ.

ચૈત્ર વદ સાતમના રોજ સવારે જલયાત્રા તથા સાંજે વેદીશુદ્ધિ થઈ હતી. રાત્રે ભક્તિ–ભજન થયા હતા. ચૈત્ર વદ આઠમના રોજ સવારમાં શ્રી જિનેન્દ્રભગવંતોની મંગલસ્થાપના થઈ હતી. અહીં લગભગ પંચાવન હજાર રૂપિયાના ખર્ચે સુંદર રળિયામણું જિનમંદિર બન્યું છે. મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનની સ્થાપના સનાવદવાળા શેઠ કુંવરચંદજીએ કરી હતી, તથા કળશ–ધ્વજ મુંબઈના શેઠ

શ્રી ચીમનલાલ હિંમતલાલે ચઢાવ્યા હતા. મૂળનાયકની આજુબાજુ સીમંધરાદિ ભગવંતો બિરાજે છે. પ્રતિષ્ઠા પછી શાંતિયજ્ઞ થયો હતો, અને શ્રી જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી, ઉત્સવપ્રસંગે સર્વત્ર જૈનધર્મના જયજયનાદ ગાજી ઊઠયા હતા. આમ જ્યાં પ્રથમ એકપણ જૈનોની વસ્તી ન હતી, એવા નાના ગામડામાં કહાનગુરુના પ્રતાપે અનેક જિનભક્તો જાગ્યા ને જિનેન્દ્રભગવાન પણ પધાર્યા...તેમની પ્રતિષ્ઠાનો મંગલ ઉત્સવ પૂર્ણ થયો. આ માટે કાનાતળાવના મુમુક્ષુઓને ધન્યવાદ!

સાંજે ગુરુદેવ કુંડલા પધાર્યા, ને બીજે દિવસે સવારમાં જિનેન્દ્રભગવાનની સ્તુતિ કરીને લાઠી પધાર્યા; ત્યાંથી ચૈત્ર વદ દસમની સવારે જિનમંદિરમાં સ્તુતિ કરીને ભાવનગર તરફ મંગલ પ્રસ્થાન કર્યું.

## કુંડલા શહેરના પ્રવચનોમાંથી

**સાવરકુંડલામાં પૂ. ગુરુદેવ ચાર દિવસ રહ્યા હતા. કુંડલાશહેરના ચાર દિવસના કાર્યક્રમ દરમિયાન મુરબ્બીશ્રી જગજીવનભાઈ દોશી અવારનવાર યાદ આવતા હતા, ને તેમની અનુપસ્થિતિ જણાઈ આવતી હતી. તેમની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી 'આત્મધર્મ' ના લેખો વગેરેનું સંકલન કરીને 'પ્રવચન સાગરનાં મોતી' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. ને આ પુસ્તક આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવાનું છે. તે ઉપરાંત નવી જૈનબાળપોથી પણ પ્રમુખશ્રી તરફથી ભેટ આપવાની છે.**

આ સમયસાર આત્મશાસ્ત્ર છે આત્માનું સાચું સ્વરૂપ બતાવનારું છે.

જીવે પોતાનું સ્વરૂપ સમજ્યા વગર અનાદિકાળથી પાપ અને પુણ્યના ભાવો જ કર્યા છે; તેણે નથી તો જડ શરીરાદિનું કાંઈ કર્યું, કે નથી પોતાના સ્વભાવનું કામ કર્યું; – જડનું તો તે કરી શકતો જ નથી, ને પોતાના સ્વભાવનું જ્ઞાન કરવાની તેણે દરકાર કરી નથી; અજ્ઞાનથી માત્ર શુભાશુભ પરિણામ કરીને સંસારમાં રખડયો છે ને દુઃખી થયો છે.

હવે તે દુઃખ ટળીને સુખ કેમ થાય? કે અજ્ઞાન ટાળીને આત્માના સ્વરૂપનું સાચું જ્ઞાન કરે તો જીવને સુખ થાય ને દુઃખ મટે. તે માટે આત્માનું સાચું સ્વરૂપ અહીં આચાર્યદેવ ( સમયસાર ગા. ૭૩ માં ) બતાવે છે.

ધર્મી જાણે છે કે હું સ્વસંવેદન–પ્રત્યક્ષ આત્મા છું. પ્રત્યક્ષજ્ઞાનસ્વરૂપ હું છું. જ્ઞાનમાં પરોક્ષપણું રહે તે પણ આત્માનું સ્વરૂપ નથી, ત્યાં રાગ ઈન્દ્રિયોની તો શી વાત? એનાથી તો આત્મા જુદો છે. વિકલ્પનું સ્વામીપણું પણ મારા જ્ઞાનસ્વરૂપમાં નથી, એટલે હું મમતારહિત છું; જ્ઞાનદર્શનથી હું પૂરો છું ને રાગથી હું ખાલી છું. આવા આત્મામાં એકાગ્ર થતાં જ અજ્ઞાનરૂપ આસ્રવો છૂટી જાય છે.

જિજ્ઞાસુ શિષ્યે એમ પૂછયું છે કે પુણ્ય–પાપરૂપ આસ્રવોથી હું કેમ છૂટું? પુણ્યમાં પણ અનંતકાળથી હું પ્રવર્ત્યો, અનંતવાર પુણ્ય કર્યા, છતાં સુખ ન પામ્યો, એટલે તે પુણ્યથી પણ છૂટવા જેવું છે–એટલું લક્ષમાં લઈને શિષ્ય તેનાથી છૂટવા માંગે છે.

પોતાના જ્ઞાન ને આનંદથી કોઈ છૂટો પડવા માંગે નહીં, કેમકે તે તો આત્માનું સહજ સ્વરૂપ જ છે; શુભ–અશુભ રાગાદિ પરભાવોથી જીવ છૂટવા માંગે છે, કેમકે તે આત્માનું સ્વરૂપ નથી પણ આત્માને દુઃખદાયક છે. આત્માના જ્ઞાન–આનંદસ્વભાવથી તે રાગાદિ ભાવો જુદા છે, એકમેક નથી, તેથી તેનાથી છૂટી શકાય છે. આમ પહેલાં જ્ઞાનસ્વભાવ અને રાગાદિ વિભાવની ભિન્નતા લક્ષમાં લઈને તેનો નિર્ણય કરવો જોઈએ.

જીવે પોતાનું સ્વરૂપ કદી નિર્ણયમાં લીધું ન હતું, તેનો સાચો નિર્ણય કરીને સ્વસન્મુખ થવું તે અનુભવનો માર્ગ છે, તે હિતનો ઉપાય છે.

કુંડલા શહેરના પ્રવચનમાં ગુરુદેવ કહે છે કે હે ભાઈ! આત્માના હિતને માટે તું એવો નિર્ણય કર કે હું આત્મા એક અખંડ સ્વાનુભવપ્રત્યક્ષ છું. આવો નિર્ણય કરીને તે તરફ વળતાં આત્મા પોતે આનંદપણે અનુભવમાં આવશે.

હું જ્ઞાનસ્વભાવ છું ને રાગરૂપે થવાનો મારો સ્વભાવ નથી, આમ નક્કી કરીને રાગથી છૂટવા માંગે છે. જે જીવ રાગરૂપે પરિણમવાનો પોતાનો સ્વભાવ માને, અથવા તે રાગવડે ધર્મ થશે એમ માને, તો તે જીવ રાગથી છૂટવા કેમ માંગે? જેને પોતાનું માને તેને કેમ છોડે? માટે પહેલાં જ એ નિર્ણય કર્યો છે કે આ રાગાદિ મારું સ્વ નથી ને હું તેનો સ્વામી નથી, હું તો અખંડ જ્ઞાન જ છું. જ્ઞાનની શુદ્ધતામાં રાગનો તો અભાવ છે.

આત્મા અનંત જ્ઞાનાદિ સ્વભાવથી પૂર્ણ છે, પણ તેમાં તે પ્રવર્તતો નથી. તો ક્યાં પ્રવર્તે છે? રાગ–દ્વેષ–ક્રોધાદિ પરભાવોમાં પોતાપણે પ્રવર્તે છે; તે પ્રવૃત્તિ જ્ઞાનથી વિરુદ્ધ છે એટલે દુઃખદાયક છે. દરેક આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે; તે પોતાનું સ્વરૂપ ઓળખીને તેમાં જ્યારે પ્રવર્તે ત્યારે તેનું કલ્યાણ થાય; બીજો કોઈ કહે કે હું તેનું કલ્યાણ કરી દઉં–તો તે તેની ભૂલ છે; તેણે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખ્યો નથી. બહારની અનુકૂળ–પ્રતિકૂળ સામગ્રી તો જીવોને પોતપોતાના પુણ્ય–પાપ અનુસાર મળે છે, તે સામગ્રીમાં સુખ–દુઃખ નથી, તેમ જ બીજો તે સામગ્રી આપતો નથી.

શરીરની કે સંયોગની સ્થિતિ મર્યાદિત છે; આત્મા તે શરીરની સ્થિતિ જેટલો નથી, આત્મા તો અનાદિ અનંત છે, ને પોતાના જ્ઞાનમય જીવનથી તે જીવનાર છે. આત્માના જીવનને કોઈ હણી શકે નહીં એટલે આત્માનું મૃત્યુ કદી થાય નહીં. આવા આત્માને ઓળખતાં રાગથી ભિન્ન જ્ઞાનપરિણતિ થાય તેનું નામ મોક્ષમાર્ગ છે.

(બાકીનું આવતા અંકે)

## શ્રુતપંચમી

વીતરાગી જ્ઞાનની અખંડધારાનું મહાનપર્વ-જેની સાથે ગીરનાર અને અંકલેશ્વરનાં નામ જોડાયેલા છે, અને ધરસેન–પુષ્પદંત–ભૂતબલી તથા વીરસેન સ્વામી જેવા શ્રુતધર વીતરાગી સંતો દ્વારા જે જ્ઞાન મુમુક્ષુઓને ભેટ આપવામાં આવ્યું છે એવા જ્ઞાનની અચ્છિન્નધારાનું મહાનપર્વ એટલે શ્રુતપંચમી–જેઠ સુદ પાંચમ. જેમ સમયસારાદિ મહાન વીતરાગી અધ્યાત્મશાસ્ત્રોની સ્વાધ્યાય અને પ્રચાર જરૂરી છે તેમ ષટ્ખંડાગમ–ગોમટ્ટસાર વગેરે પણ વીતરાગી સિદ્ધાંતશાસ્ત્રો છે, તેમની પણ સ્વાધ્યાય અને પ્રચાર જરૂરી છે. શ્રુતના ચારે અનુયોગની ખૂબખૂબ સ્વાધ્યાયવડે શ્રુતપંચમી ઊજવો. જિનપૂજાની જેમ જ વીતરાગી શ્રુતની સ્વાધ્યાય મુમુક્ષુજીવોનું કર્તવ્ય છે.

**બે વાત:- -**

* આત્મધર્મ અંક ૩૧૬ પૃ. ૨૯ લાઈન ૧૦ માં વચ્ચે થોડું વાક્ય છાપવું રહી ગયું છે તે ઉમેરીને આ પ્રમાણે વાચંવું –

(આત્માને દ્રવ્યઅપેક્ષાએ...સાદિસાંતપણું છે એમ છપાયું છે તેને બદલે–) આત્માને દ્રવ્યઅપેક્ષાએ અનાદિઅનંતપણું છે ને પર્યાયઅપેક્ષાએ સાદિસાંતપણું છે;

* જ્ઞાનચક્ષુ–પુસ્તક પૃ. ૮૫ લાઈન ૨૩–૨૪ માં વચ્ચે એક વાક્ય છાપવું રહી ગયું છે તે ઉમેરીને આ પ્રમાણે વાંચવું–

“નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણે નયો કારણ–કાર્યભાવને ગ્રહણ કરે છે, પરંતુ શબ્દાદિ ચાર નયો કારણ–કાર્યભાવને ગ્રહણ કરતા નથી, પણ કારણ–કાર્યભાવ વગર સીધી વર્તમાપર્યાયને ગ્રહણ કરે છે.”

ઉપરોક્ત સંશોધનો પ્રત્યે ધ્યાન ખેંચનાર મહાનુભાવોનો આભાર.

## જરૂરી સૂચના

આ અંકમાં કેટલાક અગત્યના લેખો, વૈરાગ્ય સમાચાર, નિબંધયોજનાની વિગત અને ૮૧ બોલની પુષ્પમાળા વગેરેનો સમાવેશ થઈ શકેલ નથી; તે બધું આવતા અંકમાં અપાશે.

# * નવીન જૈનબાળપોથીનું પ્રકાશન *

**વૈશાખ સુદ પાંચમને દિવસે સોનગઢમાં પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરી ગુરુદેવને અભિનંદનપૂર્વક નવીન જૈનબાળપોથી સમર્પણ કરી રહ્યા છે. —**



બ્ર. હરિલાલ જૈન દ્વારા લખાયેલી આ નવીન જૈનબાળપોથી (બીજો ભાગ) હિંદી–ગુજરાતીમાં વીસહજાર નકલ છપાયેલ છે, ને 'આત્મધર્મ' વગેરેના ગ્રાહકોને ભેટ આપવામાં આવનાર છે. સુંદર રંગબેરંગી પ્રીન્ટીંગમાં પુસ્તક શોભે છે. પાઠશાળાઓમાં તેમ જ જૈનોના ઘરેઘર માટે ઉપયોગી છે.

(કિંમત ૪૦ પૈસા)



# મારો જૈનધર્મ

**( જૈન બાળકોનું ધર્મગીત : નવી જૈનબાળપોથીમાંથી )**

ધર્મ મારો ધર્મ મારો ધર્મ મારો રે...
પ્યારો પ્યારો લાગે જૈનધર્મ મારો રે...૧.
ઋષભ થયા વીર થયા, ધર્મ મારો રે,
બલવાન બાહુબલી સેવે, ધર્મ મારો રે...૨.
ભરત થયા, રામ થયા, ધર્મ મારો રે,
કુંદકુંદ જેવા સંત થયા ધર્મ મારો રે...૩.
સીતા–ચંદના–અંજના થયા ધર્મ મારો રે,
બ્રાહ્મી–રાજુલ–માત શોભાવે ધર્મ મારો રે...૪.
સિંહ સેવે વાઘ સેવે ધર્મ મારો રે,
હાથી વાનર સર્પ સેવે ધર્મ મારો રે...૫.
આત્માનું જ્ઞાન આપે ધર્મ મારો રે,
રત્નત્રયનાં દાન આપે ધર્મ મારો રે...૬.
સમકિત જેનું મૂળ છે એ ધર્મ મારો રે,
મને સુખ આપે મોક્ષ આપે ધર્મ મારો રે...૭.
ધર્મ મારો ધર્મ મારો ધર્મ મારો રે,
પ્યારો લાગે વ્હાલો લાગે ધર્મ મારો રે...૮.




[ પાઠશાળાઓમાં તેમજ ભગવાનની રથયાત્રા વગેરે પ્રસંગોમાં આ ગીત ગવાય છે. )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૨૭૦૦